પારસમણી

ભજનસંગ્રહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મીઆં બદરૂદીન હુસેનુદીન નીઝામી

બુકસેલર એન્ડ પબ્લીશર

ઠે૦ ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃતિ ૫ મી. પ્રત. ૪૦૦૦.

સંવત ૧૯૭૬ સને ૧૯૨૦

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પોપટલાલ અમથાભાઇએ છાપ્યું ઠે. રીચીરોડ—અમદાવાદ.

કીંમત રૂ. ૦-૮-૦

પારસમણી
ભજન સંગ્રહ.

સંતો અમો વહેવારીઆ શ્રી રામનામનારે. (ટેક)
વેપારી આવે છે બધા ગામ ગામનારે—સંતો૦
અમારૂં વસાણું સંતો, સૌકોને ભાવે. (૨)
અઢારે વરણુ જેને વહોરવાને આવે—સંતો૦
લાખ કરોડ લેખાં નહી, ને પાર વિનાની પુંજી, (૨)
વ્હોરવું હોય તો વ્હોરી લેજો, કસ્તુરી છે સોંઘી–સંતો૦
આવશોને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ,
ચીઠીમાં ચત્રુભુજ લખીયા, નરસૈયાનું કામ—સંતો૦

૨

છે ઘેર હરીજન હરીરસ ગાય, તેતો નીત્ય ગંગામાં નાય(૨)
અડસઠ તીરથ ગુરૂને આંગણે, (૨) દુર ગયે શું થાય–જે.

ધ્રુવ નાહ્યા પ્રલ્હાદ નાહયા, હેતે નાહ્યા હનુમાન; (૨)
પ્રીત કરી પરીક્ષત નાહ્યા (૨) જોગી શુકદેવ ગાય—જે.
સહુ સંત મળી ધારણ બાંધ્યું, જ્ઞાન ગંગા તોલાય (૨)
જળપર્તં તીરથ જોડે મળ્યા(૨)તેમાં સર્વ સાધન મળીજાયં
ભલેમળ્યા મહેતાનરસિંહનાસ્વામી, હેતેહરીનાગુણગાય.
જ્ઞાનગંગાનો મહિમા મોટો, મુખે કહ્યો નવજાય—જે.(૨)

૩

હરીનો મારગ છે શુરાનો નહી કાયરનું કામ જોને;
પરથમ પહેલું મુસ્ત મુકી, વળતી લેવું નામ જોને.
સુત વિત્ત દારા શીશ સમરપે, તે પામે રસ પાવ જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને.
મરણ આગળ તે ભરે મુઠી, દીલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભો જુવે તમાસો, તે કોડી નવ પામે જોને.
પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને.
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને;
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સ્હેલ જોને;
માહાપદ પામ્યા તે મરજીવા, મુકી મનનો મેલ જોને.

રામ અમલમાં રાતામાતા, પુરા પ્રેમી જંન જોને;
પ્રીતમના સ્વામીની લીલા, નીરખે રજની દિન જોને.

૪

હરીને ભજતાં હજુ કોઈની લાજ,જતાં નથી જાણીરે;
જેને સુરતી શામળીયા સાથ, વદે વેદ વાણીરે. [ટેક]
વહાલે ઉગાર્યો પ્રલ્હાદ, હિરણ્યકશ્યપુ માર્યોરે;
વિભીષણને આપ્યું રાજ્ય, રાવણ સંહાર્યોરે. હ૦ ૧
વહાલે નરસીંહ મહેતાને હાર, હ,થોહાથ આપ્યોરે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ,પોતાનો કરી થાપ્યોરે.હ૦
વહાલે મીરાં તે બાઇનાં ઝેર, હળાહળ પીધાંરે;
પંચાળીનાં પુર્યાં ચીર, પાંડવ કામ કીધાંરે. હ૦ ૩
આવો હરિભજવાનો લ્હાવો, જન કોઇ કરશેરે;
કરજોડી કહે પ્રેમલદાસ, ભકતોનાં દુઃખ હરશેરે. હ૦ ૪

૫

તારા મનમાં જાણે જે મરવું નથીરે,
એવો નિશ્ચય કર્યો નિરધાર;
તેમાં ભુલી ગયો ભગવાનનેરે. ટેક.

ધન દોલત નારીને ઘણા દીકરારે,
ખેતીવાડી ઘોડા ને દરબાર. તેમાં૦ ૧
મેડી મંદિર ઝરૂખાંને માળિયાંરે,
સુખદાયક સુંદર સેંજ. તેમાં૦ ૨
ગાદી તકીયા ને ગાલમસુરીયાંરે,
અતિ આડ કરે છે એજ. તેમાં૦ ૩
નીચી ખાંધ કરીને નમતો નથીરે,
એવું સાધુ સંગાથે અભિમાન. તેમાં૦૪
વનમાળી મોહનજીના મુરતિરે
તેની સાથે ન લાગે તાન. તેમાં૦ ૫
પાપ અનેક જન્મનાં આવી મળ્યાંરે,
તારી મતિ મલિન થઇ મંદ. તેમાં૦૬
દેવાનંદના વહાલાને વિસરી ગયોરે,
તારે પડયો ગળે જેમ ફંદ. તેમાં૦ ૭

૬

તારે માથે નગારાં વાગે મોતનાંરે,
નથી એક ઘડીનો નિરધાર;

તોય જાણ્યા નહિ જગદીશનેરે. ટેક૦
મોટા મેલીને રાજ મરી ગયારે,
એને જાતાં ન લાગી વાર. તોય૦ ૧
તારૂં જોબન ગયું જખ મારતુંરે,
માથે કાળા મટી ગયા કેશ. તોય૦ ૨
તતકાળે લેવાને જમ આવીયારે,
તેનો ભાળી ભયંકર વેશ. તોય૦ ૩
રોમ કોટી વિછુતણી વેદનારે,
દુઃખ પામ્યો તું દૈવના ચોર. તોય૦ ૪
સગાં સ્વારથી મળ્યાં સૌ લુટવારે,
તેનું જરાએ ન ચાલે જોર. તોય૦ ૫
જીભ ટુંકી પડી ને તુટી નાડીયોરે,
થયું દેહ તજ્યાનું તત્કાળ. તોય૦ ૬
દેવાનંદ કહે નવ જાણ્યા નાથનેરે,
મળ્યો મનુષ્યદેહ વિશાળ. તોય૦ ૭

૭

સુખ છે તમારા શરણમાં–હો શામળીયાજી,
એ મારા ગુરૂએ કહ્યું કરણમાં–હો શામળીયાજી.(ટેક)

જપ તપ તીરથ ચારે પદારથ હો વાલા,
એ મારા ગુરૂ[illegible]ના ચરણમાં–હો શામળીયાજી–સુખ૦
પ્રેમે કરીને મારે મંદીર પધારો વહાલા,
ન જોશો જાત કુળ વરણમાં–હો શામળીયાજી–સુખ૦
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ વહાલા (૨)
આડે આવજો મારા મરણમાં–હો શામળીયાજી–સુખ૦

૮

સુખ દુઃખ મનમાં ન આણીયે, ઘટ સાથેરે ઘડીયાં;
ટાળ્યા તે કોઈના નવી ટળે, રઘુનાથના જડીયાં–સુખ૦
નળરાજા સરખો નર નહિ, જેને દમયંતી રાણી;
અરધેવસ્ત્રે વનમાં ભમ્યાં,ન મળ્યું અન્નને પાણી–સુખ.
પાંચ પાંડવ સરખા બાંધવા, જેની દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નીંદ્રા ન આણી. સુ૦
સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી–સુખ૦
રાવણ સરખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદઈ ગયાં, બધી લંકાં લુટાણી. –સુખ૦

હરિશ્ચંદ્રરાય સત્યવાદીઓ, તારાલોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યા નીચ ઘેર પાણી -સુખ૦
સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાગી ભુદરે, મહેતા નરસઇનો સ્વામી-સુખ૦

૯

હરિજનથઇને, હાણ વૃદ્ધ સુખદુઃખ મનમાં નવધારીયે;
ટાળ્યાં નહિજ ટળે, ઘટ સાથે ઘડીયાં હિમત નવહારીયે.

જુઓ કદરજ મહાદુઃખીયા કહાવ્યારે,
કદી સુખ દુઃખ મનમાં ન લાવ્યારે;
તોએ મોહનના મનમાં ભાવ્યારે-હરિજન.

જુઓ પાંડવ પ્રભુજીને અતિ પ્યારારે,
પલ એક ઘડી નવ રહે ન્યારારે;
તોય વન ભટકયા સંગ લઇ દારારે-હરિજન.

વસુદેવ દેવકીજી બેઉ બંધન રહ્યાંરે,
બહુ કાળનાં બંધન દુર થયાંરે;
પ્રભુ પુત્ર થયા ને દુઃખ દુર ગયાંરે-હરિજન.
એવું સમજીને હરખ ને શોક તજીયેરે,

એક તાર મન થઈ પ્રભુને ભજીયેરે;
કહે મુક્તાનંદ હરિને ભજીયેરે—હરિજન.

૧૦

પ્રભુએ ધાર્યું હોય તે થાય,
ડહાપણ કોઇનું કામ ન આવે;
કરોને કોટી ઉપાય—હાંરે હાંરે કરોને પ્રભુ.
ભીમ, અરજુન, સહદેવ, નિકુળ,
પાંચમા ધર્મ કહેવાય;
એ પાંચેના દેખતાં જીરે,
સતી કેમ તે લુટાય—પ્રભુ.
રામ જેવા સત્પુરૂષ કહીએ,
ને તે પણ વનમાં જાય,
સતી સીતાને કલંક ચઢાવ્યો;
તો રાવણ શીર રોળાય—પ્રભુ.

૧૧

જીવ તું શીદને ચીંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે. [ટેક]
તું અંતર ઉદ્વેગ કરે, તેથી કારજ શું સરે;

ધણીનો ધાર્યો મનસુબો હરબ્રહ્માથી નવ ફરે—કૃષ્ણ૦
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે—કૃષ્ણ૦
જેવું જેટલું જે જેમ કાળે, તે તેને કર ઠરે;
તેમાં ફેર પડે નહિ કોઇથી, શીદ કુટાઇને મરે—કૃષ્ણ૦
તારૂં ધાર્યું થાય એટલું, હરી ઇચ્છા અનુસરે;
સદાકાળ એ રીત નભે નહિ, શીદ હું પણ મનમાં ધરે—કૃ૦
થવાનું તે અણચીંતવ્યું થાશે, ઊપનિષદ ઊચરે;
રાખ ભરોંસો રાધાવરનો, દયા તું શીદને ડરે—કૃષ્ણ૦

૧૨

સર્વ તજીને ભજીયે શ્રીગોવીંદને,
જે નારાયણ નોધારાનો આધાર જો;
ભાગે સંકટ કુડાંરે સંસારનાં,
જે નામે ઊતરીયે ભવપાર જો—સર્વ૦
અપર માને વચને ધ્રુવજી વન,ગયા,
નારદજીએ દીધો છે ઊપદેશ જો;
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય તે મનમાં આણીયાં;

પ્રભુ પુજ્યા કાંઈ ત્યાં જઈ બાળે વેશ જો—સર્વ૦
દૈત્ય પુત્ર પ્રલ્હાદજી આગે થયા,
લાગ્યો છે કાંઈ પિતા પુત્રનો વાદજો;
સ્તંભ થકી પ્રગટયા રે નરસિંહ રૂપ ધરી,
શ્રી મહાપ્રભુએ દીધો તેને સાદજો—સર્વ૦
લાખાગ્રહમાં પાંડવોને આવી મળ્યા,
ભક્તજનોને દીધી છે ઘણી ધીરજો;
સમરણ પહેલાં આવ્યા છો રે તમે સદા,
ભક્તજન ઊગાર્યા પાંચે વીરજો—સર્વ૦
સુદામાનું દારીદ્રપણું તે જાણીયું,
મુષ્ટિલ તાંદુલ આરોગ્યા મહારાજજો;
દાસ દયાના પ્રભુએ કરૂણા કરી,
ભક્તજનનાં કીધાં કોટીક કાજજો.—સર્વ૦

૧૩

ધન્ય જેણે હરિગુણ ગાયા—સંસારીયામાં. ધન્ય.
બીજા સૌ જાણજો ભવાયા—સંસારીયામાં. ધન્ય.
હાથી ઘોડા સુખપાલ બેઠે શું થયું (૨)

શું થયું મેળવી માયા—સંસારીયામાં ધન્ય.

કંઠ સાહીને જમ કાઢશે પલમાં,
*દુર રહેશે સુત વિત્ત જાયા—સંસારીયામાં ધન્ય.

હૈયા પ્રીતમ ભજો નંદના કુંવરને, (૨)
સફળ થાશે તારી કાયા—સંસારીયામાં ધન્ય.

૧૪

વહાલો પ્રેમને વશ થયા રાજીરે,
એમાં શું કરે પંડીતને કાજીરે. વહાલો૦

કરમાબાઈનો આરોગ્યો ખીચડો,
ને વિદુરની ખાધી ભાજી;
જુઠાં બોર શવરીનાં ખાધાં,
વહાલે છપ્પન મેલ્યા ત્યાગીરે.. વહાલો૦

વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પધાર્યા,
ને કેળાં આણ્યાંતાં માગી;
ગર્ભ કાઢી નાખીને છાલ ખવરાવી,
વહાલે તોએ ન જોયું જાગીરે. વહાલો.

ગુણકા હતી તે પોપટ પઢાવતી,
ને તેમાંથી નેહ લાગી;
ભગવાન હતા તે સહેજમાં મળ્યા,
એની સંસારની ભ્રમણા ભાગીરે. વહાલો.

ભક્તની લોક નિંદા કરે,
ને જગત થયું છે બહુ પાજી;
ભલે મળ્યા મહેતા નરસિંહનો સ્વામી,
માથે ગીરધર રહ્યો છે ગાજીરે. વહાલો.

૧૫

જે કો પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઊરમાં ઠરે. ટેક.
સિંહણકેરૂં દુધ હોય તે, સિંહણ સુતને ઝરે; (૨)
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નિસરે—પ્રેમ૦
શકરખોરનું શાકર જીવન, ખરના પ્રાણજ હરે; (૨)
ક્ષારસિંધુનું માછલડું, જેમ મીઠા જળમાં મરે. પ્રેમ૦
સોમવેલી રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે; (૨)
વળગવંશીને વમન કરાવે, વેદ વાણી ઊચ્ચરે. પ્રેમ૦

ઊત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ન સરે,
મૃચ્છભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ન ભરે પ્રેમ૦
એમ કોટિ સાધને પ્રેમ વિના, પુરૂષોત્તમ પુંઠન ફરે; (૨)
દયા પ્રીતમ શ્રીગોવરધન ધર, પ્રેમભક્તિયે વરે. પ્રેમ૦

૧૬

રામબાણ વાગ્યાં હોય તે જાણે,
બોલ્યા મુરખ મનમાં શું આણે. (ટેક)
ધ્રુવને વાગ્યાં પ્રલ્હાદને વાગ્યાં,
તો ઠરીને બેઠા ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યાં,
એ તો વેદ વચન પ્રમાણે—રામ૦
મોરધ્વજ રાજાનું મન હરી લેવા,
હરિ આવ્યા તે ટાણે;
લઇ કરવત મસ્તકપર મેલ્યું,
પત્ની પુત્ર બેઊ તાણે—રામ૦
મીરાંબાઇપર ક્રોધ કરીને,
રાણોજી ખડગજ તાણે;
વિખના પ્યાલા ગીરધરલાલે આરોગ્યા,

એ તો અમ્રતને ઠેકાણે—રામ૦
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી,
ખેપ ભરી ખરે ટાણે,
આગળ સંત અનેક ઊગાર્યા,
એવું ધનો ભગત ઉર આણે—રામ૦

૧૭

મારે વર તો વિઠલ વરને વરવું છેરે,
હાંહરિ મારે વર તો—
બીજાને મારે શું કરવું છે, મારે વર તો૦
નંદના કુંવર સાથે નેહડો બંધાણો હાં. (૨)
મારે ધ્યાન ધણીનું ધરવું છે રે,
હાંહરિ મારે ધ્યાન. બીજાને.
અવર પુરૂષની મારે આશા નથીરે હાં (૨)
મારે છોગાળાને છેડે પાર પડવું છે રે.
હાંહરિ મારે છોગાળા. બીજાને.
સંસાર સાગરમાં મોહજાળ ભરીયોરે હાં. (૨)
મારે હરિના ભરોસે તરવું છે રે,
હાંહરિ મારે હરિને. બીજાને.

આઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ્ હાં. (૨)
મારે રાસમંડળમાં ફરવું છે રે,
હાંહાંરે મારે રાસ.

૧૮

શ્રીવલ્લભ વિઠ્ઠલ શ્રીજી સ્વામી શામળીયા વાલા,
સઘળુ સમજો છો અંતરજામી. નંદલાલારે.
ભય તો લાગે છે મુજને ભારી, શામળીયા વાલા;
અંતકાળે શી વલે થશે મારી. નંદલાલારે.
સેવા સમરણ ભાવે ક્રીધું, શામળીયા વાલા;
રંક સાધુને દુખ દીધું. નંદલાલારે.
વેદધર્મને વિસાર્યા, શામળીયા વાલા;
અવગુણ ભર્યા છે મુજમાં સારા. નંદલાલારે.
સઊ જાણે છે ભક્ત સાચો શામળીયા વાલા;
પાખંડી પાપી નથી કાચો. નંદલાલારે.
બાંહ્ય ગ્રહ્યાની લાજ ધરજો, શામળીયા વાલા;
પીડા ન પામું એવું કરજો. નંદલાલારે.
સન્મુખ લોચનમાં આવી રહેજો, શામળીય વાલા;
દોષ ન જોશો દર્શન દેજો નંદલાલારે.

શ્રીમુખ બોલ્યા તે સાચુ કરજો, શામળીયા વાલા;
દુખ દયાનાં સર્વે હરજો. નંદલાલારે,

૧૯

કાયા જીવને કહે છેરે, સુણો મારા પ્રાણપતિ;
મેલી મુજને કયાં જાઓછોરે,આ વગડામાં અથડાતી.૧
જીવ તમારા લીધેરે ચાલુ છું હું મદમાતી;
તમ વીના નહી મારેરે, આ દેહીના સંગાથી. ૨
જયારે તમે જાશોરે, ત્યારે તો મારી શી રે ગતી;
જયારે જાવુંજ હતુંરે, ત્યારે પ્રીત કરવી નતી. ૩
ઘણાં લાડ લડાવ્યારે ભેગી બેસી જમતી,
હવે કેમ તરછોડીરે, આવી કેમ ફરી મતી. ૪
કોઈક ગુરૂજ મળીઆરે, અગમ અગાધ ગતી;
કરશે બ્રહ્મ સ્વરૂપેરે એ હું જાણતી નોહોતી. ૫
છો દેવ નીરંજનરે મુળે મંગળ મુરતી;
તારો ભેદ ન જાણ્યોરે, એવી તારી અકળગતી. ૬
મારી કરણી ના જોશોરે હું કરજોડી કરગરતી;
મેલી માયાને ચૈતનરે ચાલ્યા અમરાવતી. ૭

દાસ નારણસિંગ કહે છેરે, માયા પછી રહી રોતી;
ગુરૂ ગોવિંદને ભજશેરે, થશે તેની સત્ય ગતી. ૮

૨૦

જીવ કાયાને કહેછે રે, હું પંખી છું પરદેશી;
અમે કયાં સુધી રહીએ રે, નથી અહીંના રહેવાશી.
તારા મોહના તે ફંદમાં રે પડી અમને ફાંસી;
તારી વાસના લીધીરે, ફર્યો લખ ચોરાશી. ૨
ગુરૂએ સમજ પાડીરે, જોયું સરવે તપાસી;
નીરખ્યા બ્રહ્મ સ્વરૂપનેરે, પોતાનું રૂપ પ્રકાશી. ૩
મારી કેડજ મેલીરે, શાને કરો ઊદાશી;
તમને તિરથ કરાવ્યાંરે, શ્રીગંગાને કાશી. ૪
થયા રૂપ અરૂપરે, માયા ત્યારે દુર ખશી;
ભળ્યા તેજમાં તેજરે હરી જેને ગયા વશી. ૫
દાસ નારણસીંગ કહે છેરે, અચળ થયા અવિનાશી;
ગુરૂ ગોવિંદ ભજશેરે, અમરાપુરના વાશી ૬

૨૧

જોડુરે એક મેનાપોપટનું, પાંજરૂં આ કાયા કંચનનું;
મેના માયા હરીની દાસી, ચૈતન પોપટજી અવિનાશી.

જુઓને અંતરમાં પ્રકાશી. જોડુ૰ ૧
કારીગર પુરા કહેવાતા, પચરંગી પાંજરૂં ઘડતા;
તેમાં માંહી પોપટજી રહેતા. જોડુ૰ ૨
ચૈતનનું તો તેજ ઘણુંરે, તપે શોભે પરબ્રહ્મના રૂપે;
બેઠારે માંહી મહામંત્રને જપે. જોડુ૰ ૩
મેનારેમાયાપોપટનીનજરેપડી, પોપટજીનુંમનડુંલેઇહરી;
પોપટજીની મત સમુળગી ફરી. જોડુ૰ ૪
મેનારેતુંતોઆવનેઓરી,મારીનેતારી સરખીબંનેજોડી;
મેનાએ નાંખી મોહતણી દોરી. જોડુ૰ ૫
હવેરે મેના કહેછે પોપટને, આવીને હુંતો વરૂછું તમને;
રખેને દગો દેતાજી અમને. જોડુ૰ ૬
એવુંરેસુણીપોપટથયોબેહાલ,તેમતેમમેનાકરેજઇવ્હાલ;
મેનારે તને કરવાનો હું ન્યાલ. જોડુ૰ ૭
હવેરેમેનાપોતેમનમાંહસી,હુંતોપેલાપોપટનેરૂદિયે વસી;
એનેરે લેઈ ફેરવું ચોરાશી. જોડુ૰ ૮
પોપટજી તો ભણવું એ ભુલી ગયા, જઇને પેલી મેના-
ના વશમાં રહ્યા;
પોપટજી હવે મોહ દરીયામાં વહ્યા. જોડુ૰ ૯
હવેરેમેનાપોપટજીબંનેને,બેઠારેહનો કાળ બીલાડો કને;

જઇને પેલા પોપટજીને હણે. જોડુ૦ ૧૦
હવેરે પોપટને લાગ્યું ખારૂં,પેલું રે સુખકયાંગયુંરેમારૂં;
પડે છે મારે મરવું ને અવતરવું. જોડુ૦ ૧૧
ચેતન મટી જીવ સ્વરૂપે થયા, જ્યારે પેલી માયાના
વશમા રહ્યા.
માટેરે લખ ચોરાશીમાં ગયા જોડુ૦ ૧૨
નારસીંગ ગુરૂ ચરણની આશ, માયા થકી થઇને
બેઠો છું નિરાશ;
આપોને હરી ચરણકમળમાં વાસ. જોડુ૦ ૧૩

૨૨

નાથકેસેગજરાજબંધછોડાયો,એહીઅચરજમોહેઆયો.ટેક
ગજ ઓર ગ્રાહ લડત જલ ભીતર,લડતલડત ગજ હાર્યો;
જવપુર સુંઢ રહી જળ ઉપર, તબ હરી નામ પુકાર્યો.૧
સવરીકે બોર સુદામાકો તાંદુલ,રૂચીરૂચી ભોગ લગાયો;
દુરજોધનકો મેવાહી ત્યાગ્યો, ભાજી વિદુર ઘર પાયો. ૨
પેઠે પાતાળ કાળીનાગ નાથ્યો, ફેણુપર નરત કરાયો;
ગીરી ગોવરધન કરપર ધાર્યો, નંદ ઘેર લાલ કહાયો. ૩
અઘાસુર માર્યો બગાસુર માર્યો, દાવાનળ પાન કરાયો;

સ્થંભ ફોડી હિરણાકશ્યપસાર્યો, નરસિંગ નામ ધરાયો.૪
અજામેલ ગજ ગુણકા તારી, દ્રૌપતીકો ચીર પુરાયો;
પયપાન કરતાં પુતના મારી, કુબજાકો રૂપ બનાયો. ૫

દુરજોધનકો માન ઘટાયો, મોહી ભરોંસો આયો;
સબસખીયન મીલી કંગન બાંધ્યો,રેશમ ગાંઠ બંધાયો.૬

છુટે નહિ રાધાજીકો કંગન, કેસે એ ધનુષ ઊઠાયો;
ખોલ કોટડી પાદલ ધાયો, ગરૂડકુ નાજ સંતાયો. ૭

છુટે નહી રાધાજીકો કંગન, ઓ બલ કાંહાંરે છુપાયો;
જોગી જાકો ધ્યાન ધરતહે, ધ્યાન ધરત નહિ આયો;
સુરદાસ પ્ર્ભુ તિહારો મિલનેકું,જસોદાકી ધેનચરાયો.૮

૨૩

તેરે દયાધરમનહી મનમેં, મુખડાકયા દેખે દરપનમે. ટેક.
જબલગ ફુલ રહે ફુલ વાડી, બાસ રહે નીજ ફુલનમેં;
એક દીન એસી હોજાવેગી, ધ્રની ઉડેગી તનમેં. મુ૦૧
ચુવાચંદન અબીર અરગજા, શોભે ગોરે તનમેં;
ધન જોબન ડોંગરકા પાની, ઢલ જાવેગા ખીનમેં. મુ૦૨
નદીયાં ઘેરી હરી નાવ પુરાની, ઊતરે ચાહે સંગમેં;
ગુરૂમુખ હોય સો પાર ઉતરે, નુગરા ડુબે ઉનમેં. મુ૦ ૩

કવડી કવડી માયા જોડી, સુરત હરી નિજ ધનમેં;
દશ દરવાજા ઘેરલીયે જબ,રહી ગઇ મનકી મનમેં.મુ૦૪
પઘડીયાં બાંધે પગ સવારે, ઝુલા ઝુલે પવનમેં;
કહેકબીરા સુનોભાઈ સાધુ,એકલા લડ રહે મનમેં.મુ૦૫

૨૪

જ્યાં જોશો ત્યાં દુખીયા બાબા,એકયા વડ રહે મનમેં;
જોગી દુખીયા જંગમ દુખીયા, તપસીકુ દુઃખ દુના;
આશા મનસા સબ વ્યાપી, કોઇ પહેલ નહી સુના. ૧
રાજા દુખીયા પ્રજા દુખીયા, દુખીયા ઘર બેરાગી;
દુઃખ કારણસેં શુકદેવને, ઉદરકી માયા ત્યાગી. ૨
સાચ કહે તો સબ જગ દુખીયા, જુઠા કહી ન જાઇ;
બ્રહ્મા વિષ્ણુ શંકર દુખીયા, જીન્ને સૃષ્ટિ જમાઈ. ૩
ધુત દુખીયા અબધુત દુખીયા હય ધન રંકા,
કહેત કબીરા નહિ ઓ દુખીયા, જીને મનકુ જીતા. ૪

૨૫

ધન્ય ડાકોર રૂડુ ગામ, વસે મારો વહાલોરે;
શામળીઓજી ચતુરસુજાણ, તેને જોવા ચાલોરે. ૧

બહુ બોડાણાની પ્રીતે, પ્રભુજી પધાર્યારે;
અહીંઆં આવી ઉત્તમ કીધા કે, અધમ ઉધાર્યારે. ૨
ઘણા પાપી તે પાવન થાય, દરશન કરતાંરે;
દુઃખ જનમ મરણનાં જાય, સામાં ડગ ભરતાંરે.
એવો આનંદ રૂપી અખંડ, અંતરજામીરે;
વહાલો પ્રેમતણે વશ થાય, પ્રિતમજીનો સ્વામીરે;
એતો ભક્તિતણે વશ થાય, પ્રિતમજીના સ્વામીરે. ૪

૨૬

ગોવિંદ પ્રાણ અમારોરે; મને જગ લાગ્યો ખારોરે;
મુને મારો રામજી ભાવેરે, બીજોમારી નજરે ન આવે.૧
મિરાંબાઇના મોહેલમાંરે, હરિ સંતનકો વાસ;
કપટીથી હરી દુર વસેરે, મારા સંતનકેરી પાસ. ગો.૨
રાણોજી કાગળ મોકલેરે, દેજો મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દો, તમે રાખો દુનિયામાં લાજ.૩
મિરાંબાઇ કાગળ મોકલેરે, દેજો રાણાને હાથ;
સાધુની સંગત કબહુ ન છોડું, નહિ રહું તમારી પાસ.૪
વીખનો પ્યાલો રાણે મોકલ્યોરે, દેજો મીરાંને હાથ;
અમૃત કરી મીરાં પીગયાંરે, જેનો હરીયે ઝાલ્યો હાથ.૫

સાંઢવાળા સાંઢ શણગારજોરે, જાવું સો સો કોસ,
રાણાજીના દેશમાંરે, મારે જળરે પીવાનો દોષ. ૬

ડાભો ઇહિલો મેવાડનોરે, મિરાં ગઇ પુરવ માંય;
સરવ છોડી મિરાં નીસર્યાં, જેનું મનડુ હરિ માંહ્ય. ૭

સાસુ અમારી સુશુમણારે, સસરો પરમ સંતોષ;
જેઠ જુગોજુગ જીવજો, મારો નાવલીઓ નીરદોષ. ૮

ચુંદડી ઓઢું તારે રંગ ચુનેરે. રંગ સોરંગી હોય;
ઓઢું હું કાળો કાબળો, દુજો ડાઘ ન લાગે કોય. ૯

મિરાં હરીની લાડણીરે, રહેતી સંત હજુર;
સાધુ જનને દલતેશુ પેસેઃ દલ કપટીથી દુર. ૧૦

૨૭

માગતમાખણરોટી,ગોપાળ પ્યારે માગત માખણ રોટી;
મેરેગોપાળજીકું રોટીબનાઊં,એકછોટીનેબીજીમોટી.ગો.
મેરે ગોપાલજીકું બિહા કરુંગી,બ્રખુભાનકી બેટી. ગો૦
મેરે ગોપાલકું અંગીઆબનાદઊં,માથે કલંકીટોપી.ગો૦
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ ચીત
જોતી. ગો૦

૨૮

વાટ જુએ છે મીરાં રાંકડી ઉભી ઉભી વાટ ટેક.

મુનીવર સ્વામી મારે મંદીર પધારોરે;
વાલા સેવા કરે છે દીન રાતડી, ઉભી ઉભી વાટ. ૧

ફુલના તે હાર ને ફુલના તે ગજરારે;
ફુલના તોરારે ફુલ પાંખડી, ઉભી ઉભી વાટ. ૨

ફુલનાં પકવાન મીઠાઇયોને મેવારે,
ઘેબર જલેબી તલ સાંકળી, ઉભી ઉભી વાટ. ૩

લવીંગ સોપારીને પાનનાં બીડલાં રે,
એલચીદોડા ને તજ પાંખડી, ઉભી ઉભી વાટ. ૪

સાવ સોનાનાં સોગઠાં ઢાળ્યાં રે,
રમવા આવોતો જાય રાતડી, ઉભી ઉભી વાટ. ૫

મીરાંબાઈ કહે પ્રભુ ગીરધરના ગુણ,
જોતાં ઠરે છે મારી આંખડી, ઉભી ઉભી વાટ. ૬

૨૯

મુખડાની માયા લાગીરે મોહન તારા. ટેક.

મુખડું મેં જોયું તારૂં સરવે જુગ થયું ખારૂં;
મન મારૂં રહ્યું ન્યારૂરે, મોહન તારા. ૧

સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએરે, મોહન તારા. ૨
સંસારનું સુખ કાચું, પરણીને રંડાવુ પાછું;
તેને ઘેર શીદ જઈએરે, મોહન તારા. ૩
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સોભાગ્ય મારો;
રાંડવાનો ભય ટાળ્યોરે, મોહન તારા. ૪
બાઈ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ વહાલા;
હવે હું તો બડભાગીરે; મોહન તારા. ૫

૩૦

લેને લેને લાવ જીવને જોતાં નહી મળે; (૨)
જોતાં નહી મળે, જીવને ખોળ્યો નહી જડે. લેને. ટેક.
કસ્તુરીને કેવડો લઈ તેલમાં તળે;
આવો રૂડો મનખો મેલી, ભુતમાં ભમે. લેને. ૧
મોતી સરખો દાણો લઈને ઘંટીમાં દળે. (૨)
બાવળીઓનું બીજ વાવે, આંબો નહી ફળે. લેને. ૨
સંત બોલાવે બોલતો નથી, અભીમાનમાં ફરે; (૨)
મારી ધક્કે આગળ કરશે, વેઠે ભાર ભરે. લેને. ૩
માયા તને મીઠી લાગે, ગોળસે ગળે. (૨)
નરભેરામના સાથમાં તો, કુળ નળી મળે. લેને. ૪

૩૧

હાલો હોલી કહે છેરે, પ્રભુ મારી વારે ચઢો;
બચ્ચાં મારાં મારેરે, તળે આવી ભીલ ખડો. ટેક.
બાણ તાણીને ઉભો પારધી, ને ઉપર આવ્યો બાજ;
દરમાંથી સરપ જો નીસરે તો, વણશે મારાં કાજ.
ગરૂડના ગામીરે, આંટી રખે રાખી રહો. હાલો. ૨
કહેતામાંજ પરવરીયાને, સરપમાં નીરવાણ;
પારધીને તો પગેરે ડસીયો, તતક્ષણ લીધા એના પ્રાણ;
ત્યાંથીબાણ વછુટયું રે,બાજ આવી હેઠે પડયો. હાલો. ૩
કડણવેળામાં કામજ આવે, જે ભજનકોનો ભય જાય;
એવા સામરથ સ્વામીને મુકીને, કોના સુણું પાસ.
ગુનેહગાર તારોરે, તુળશીદાસ પેરે. હાલો. ૪

૩૨

બાનાની પત રાખ, પ્રભુ તારા બાનાની પ્રત રાખ:
બાનારે માટે જો દુખ દેશો, તો કોણ જપે તારો જાપ. ૧
રોહિદાસની તમે ચાત્રી લીધીને, નવ જોઇ જાત કે ભાત;
શેના માટે સનમુખ રહીને,તમે નાઈ કહેવાયા હો નાથ.૨
પ્રલ્હાદની તમે પ્રતિજ્ઞા પાળીને, સ્થંભમાં પુરયો વાસ;

તાતી કઢા તમે સીતળ કીધી, સુધનવાને કાજ. પ્ર૦૩
પંચાળીનાં પટકુળ પુર્યાં ને, રાખી સભામાં લાજ;
સાગરમાં બુડતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ પ્ર૦૪
ઝેર હતાં તે અમ્રત કીધાંને, આપ્યાં મીરાંને હાથ;
મહેતાને મંડળીક મારવા આવ્યો, ત્યારે કેદારો લાવ્યા
મધરાત. પ્ર૦ ૫
ભક્તોનાં તમે સંકટ ભાગ્યાં, ત્યારે દ્રઢ આવ્યો વિશ્વાસ;
તુળશીના સ્વામીને કહું કરજોડી, પુરો અંતરની આશ.

૩૩

હરી ભજવાનું ચોઘડીયું રે, તને ફરી ફરી ક્યાં મળશેરે;
ચોંપ કરીને ચેતી લેજો, ભવનાં તારણ તરશોરે. હ૦૧
મનુષ્યાદેહ તો મટી જશે ને, પશુ પંખી અવતરશોરે;
વરણાગીમાં વાટજ ઉડશે, કોઇ ખાણે રડવડશોરે. હ૦ ૨
દુઃખ લાગે તો વહેલું લાગો, ઊંધેઊંધું ચાલ્યું રે;
માને ઉદર શું બોલ્યો તો, શું બોલ્યો શું પાળ્યું રે .હ૦૩
જોબન જાશે ને જરા આવશે, નેન નાશીકા ગળશેરે;
સગાં સ્નેહી સુખનાં બેલી, અંતે અળગાં રહેશે રે. હ૦ ૪
હરી નામ તો હારી બેઠો, વિષયામાં વીંટાયોરે;

ધોળે દહાડે ધનારે બાંધી. ચૌટામાં લુટાયોરે. હ૦ ૫
આ અવસર તો રૂડો કહાવે, પાપ ન કરશો પ્રાણીરે;
કલ્યાણ કહે તે કહ્યું ન માને, પત્થર ઉપર પાણીરે. હ૦ ૬

૩૪

ગઉ ચારી ઘેર આવે, વાલો મારો ગઉ ચારી ઘેર આવે;
હાથ લકડીયાંને ખભે કામળીયાં, મીઠી મોરલી બજાવે.
ગુંજા ફુલના હાર મનોહર, મોર મુગટ શીર સોહીયે;
સ્વામીતણી સુંદરતા જોઈ જોઈ,વ્રજજનનાં મન મોહીયે.
કુમકુમકેરા છાંટા દેવરાવું; મોતીડે ચોક પુરાવું;
નરસઇયાના સ્વામી મંદીરપધારો,શેરીયે તે ફુલડાંવેરાવું.

૩૫

ચાલો જઇયે દરશન કરવા, ડાકોરમાં ઠાકોર બીરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દર્શનથી દુઃખ ભાગે છે. ટેક.
પહેલું દુઃખ બ્રહ્માનું ભાગ્યું, શંખાસુરને મારીને;
શંખ નારાયણ બેટમાં બેઠા, વેદ લાવ્યા ચાર ત્રાળીને.
કચ્છવ રૂપે સાગર મથિયો, ચૌદ રત્ન બહાર કાઢીને;
અમ્રત તો અમરોને પાયું, વિષ પાયું વિષધારીને,

વરાહરૂપે પૃથ્વિ લાવ્યા, આદ્ય નિરંજન આજે છે;
દીનોનાથ દયાળ દામોદર દર્શનથી દુઃખ ભાગે છે. ૧

પ્રલ્હાદની પ્રતિજ્ઞા પાળવા, નરહર નરસિંહ રૂપ ધર્યું;
હિરણાકશ્યપુ નખે વધેરચો, વિધિનું વાકય સફળ કર્યું.
વામનરૂપે બળિને ચાંપ્યો, ઈંદ્રિરાયનું કાર્ય કર્યું;
છબીલોજીછડીદારથઈ ઉભા, બળિરાજાનું ભાગ્ય ભળ્યું.
ફરશી ગ્રહી નક્ષત્રી કીધી, જઈને કોકણ બિરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દર્શનથી દુઃખ ભાગે છે. ૨

અનેક દુઃખ દેવતાનાં ભાગ્યાં, રાજા રાવણ મારીને;
વિભીષણને લંકા આપી, પથરા પાળજ તારીને,
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો, ગોકુળમાં ગૌ ચારીને;
મોરલીમાં મહા મોહ પમાડયા, ત્રણ લોક નર નારીને;
બુદ્ધરૂપે જગન્નાથજી, ઝગમગ જોત બીરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે. ૩

અકળ કળા નવખંડમાં વ્યાપી,ઘટઘટમાં તમે રમીરહ્યા;
ડાકોરમાં ઠાકોર બીરાજ્યા, બોડાણાપર કરી દયા;
ગંગાબાઈના ગુણ વધાર્યા, સવા વાલથી ઓછા થયા;
ભક્તિ જાણી સારંગપાણી, ગુગળી પાછા ઘેર ગયા;
માખણિયો આરો છે સારો, લીંબડો મીઠો લાગે છે;

દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે. ૪

ઊંચું દેવળ ઊંચું શિખર, ઉપર ધ્વજા ફરફરે;
જે દરવાજે નોબત વાગે, રત્નાગર ત્યાં ગડગડે;
ગોમતી તીરે સંગત તીરે, સંગ આવી ત્યાં પડાવ પડે;
આડેદહાડે શુકરવારે વાલમનો વરઘોડો ચડે;
રણછોડ રસિયો સૌમાં વસિયો સૌને માથે ગાજે છે;
દીનોનાથ દયાળ દામોદર દરશનથી દુઃખ ભાગે છે. ૫

ઉત્તર દક્ષીણ પુરવ પશ્ચિમના, લોક દર્શને આવે છે;
મોટા મોટા સંઘવી થઈને, સંઘ ડાકોરમાં લાવે છે;
નયણે નિરખું હૈડે હરખું, રૂપ ઉપર જાઊ બલીહારી;
શંખ ચક્ર ને પદ્મ બિરાજે, ગદા ધરી છે ગીરધારી;
સાકર માખણ તુળશીની માળા,રાયરણછોડને ચડાવેછે.
ઈચ્છારામનાસ્વામી અંતરજામી,ભક્તને લાડલડાવેછે. ૬

૩૬

માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે,
ઝુલે લાડકડા પુરૂષોતમ આનંદભેર;
હરખી નિરખીને ગોપીજન જાશું વારણે;
અતિ આનંદ શ્રીનંદજીને ઘેર. માતા૦ ૧

હરીના મુખડા ઉપર વારૂ કોટીક ચંદ્રમા,
પંકજ લોચન સુંદર વીશાળ કપોળ;
દીપક સરખી તો શોભે છે નીરમળ નાશીકા,
કોમળ અધર અરૂણ છે રૂડા રાતા ચોળ માતા.૨
મેઘ શ્યામ કાંતિ ભ્રકુટી છે વાંકડી,
ખીટળીયાળા ભાલ ઉપર ઝુમે કેશ;
હસતાં દંતુડી દીસે બેહુ હીરાકણી,
જોતાં લાજે કોટીક મદન મોહન વેશ. માતા. ૩
સીંહ નખ જડેલું સુવર્ણ શોભે સાંગલુ,
નાજુક આભ્રણ સઘળાં કંચન મોતીહાર;
ચરણ અંગુઠો ધાવે હરજી બે હાથે ગ્રહી,
કોઈ બોલાવે તો કરે કીલકીલાકાર. માતા. ૪
લાલ લલાટે કીધો કુમકુમ કેરો ચાંદલો,
શોભે જડીત્ર જાણે મરકત મણીની માળ;
જનની જુગતે આંજે અણીયાળી બેઉ આંખડી,
સુંદર કાજળ કેરૂ ટપકું કીધુ ગાલ. માતા. ૫
સરવે સોનાનું જડીત્ર મણીમય પારણું,
ઝુલાવે રૂમઝુમ વાજે ઘુઘરીનો ઘમકાર;
માતા વિધવિધ વચને હરીગુણ ગાયે હાલરાં,

ખેંચે ફુમતીઆળી રેશમ દોરી સાર. માતા. ૬
હંસ કારંડને કોકીલ પોપટ પારણે.
બપૈયા ચકોરને કાંઈ સારસ મેના મોર;
રમકડાં મુકયાં રમવાને મોહનલાલને,
ઘમઘમ ઘુઘરા વજાડે નંદકીશોર. માતા. ૭
મારા કહાનાની સમાણી કન્યા લાવશું,
મારા લાલને પરણાવીશ મોટે ઘેર;
મારો જાયો વરરાજા થઈ ઘોડે બેસશે,
મારો કહાનો કરશે સદાય લીલાલહેર. માતા. ૮
મારો લાડકવાયો સખામાં રમવા જશે,
સારી સુખડી હું આપીશ હરીને હાથ;
જમવા વેળા રૂમઝુમ કરતો ઘેર આવશે,
હું તો ધાઇને તેને ભેટીશ રૂદયા સાથ. માતા. ૯
જેનો શેષ શંકર સરખા પાર પામે નહી,
નેતી નેતી કહે છે નીગમ વારોવાર;
તેને નંદરાણી હુલરાવી ગાયે હાલરાં,
નથી નથી એના ભાગ્યતણો કંઇ પાર. માતા. ૧૦
વૃજવાસી સઉ સરવેથી સુભાગી ઘણાં,
તેથી નંદ જસોદા કેરૂં ભાગ્ય વિશેષ;

તે સર્વેથી ગોપીજનનું ભાગ્ય અતી ઘણું,
જેની કરે પરીક્ષા બ્રહ્મા શીવ ને શેષ. માતા. ૧૧
ધન્ય ધન્ય વૃજવાશી ગોપીજન નંદ જસોમતી,
ધન્ય ધન્ય વંદ્રાવન જ્યાં હરીકેરો છે વાસ;
સદા જુગલકીશોરે ત્યાં લીલા કરી,
સદા બલીહારી જાય છે દયારામ દાસ. માતા. ૧૨

૩૭

ચીત તું શીદ ચીંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે. ટેક
સ્થાવર જંગમ જડ ચૈતનમાં માયાનું બળ ઠરે;
સ્મરણ કરે શ્રીકૃષ્ણચંદનું, જન્મમરણ ભયહરે કૃષ્ણ.૧
નવમાસ પ્રાણી શ્રીકૃષ્ણચંદનું ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે, લખચોરાશી ફરે. કૃષ્ણ.૨
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસુબો હર બ્રહ્માથી નવ ફરે. કૃષ્ણ.૩
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્રી વજાડે જંત્ર, તેવો સ્વર નીસરે. કૃષ્ણ. ૪
થનાર વસ્તુ થયા કરે જ્યમ, શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુએણીપેરે જાશે,જ્યમ ગજકોઠુગળે.કૃષ્ણ.૫

જેને જેટલું છે જ્યમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહી કોઇથી, શીદ કુટાઈ મરે. કૃષ્ણ. ૬
તારૂં ધાર્યું થાતું હોય તો સુખ સંચે દુઃખ હરે;
આપણનું અજ્ઞાનપણું એ, મુળ વીચારે ખરે. કૃષ્ણ. ૭
થવાનું અણચીતવ્યું થાશે, ઉપનીષદ ઉચરે;
રાખ્ય ભરોંસો રાધાવરનો, દયા શીદને ડરે. કૃષ્ણ. ૮

૩૮

પ્રભુ તને પ્રસન્ન તેકેમ થાય,તારા દીલનું કપટ નજાય પ્ર.
પ્રભુ કીરતન પ્રભુનામ સ્મરણમાં, અતીશે આળસ તારે;
ડાચાકુટ લવ પરનીંદામાં, આખો દીવસન હારે. પ્રભુ.૧
પ્રભુનું પુજન કરતી વેળા, કાયા તારી કંપે;
ગંજીફો સોગટાં કુટતાં, આઠ પહોર નવ જંપે. પ્રભુ.૨
પ્રભુનું ચંદન ઘસતાં તારૂ, શ્રમથી શરીર બગડે;
કુંડી કુદકું લઇ મરી મશાલો,ભાવે ભાંગજ રગડે.પ્રભુ ૩
એકાદશી ઓચ્છવનું જાગ્રણ, અતી અઘરૂ તને લાગે;
ભાંડ ભવાયા જોવા સારૂ, સારી રાતજ જાગે. પ્રભુ. ૪
હરીના ભકતને લુખું સુકું, વેઠજ વળગી જાણે;
સગાંસંબંધિપ્રોહોણાઆવે,તેને મીષ્ટાનપીરસેપરાણે. પ્ર.૫

એ પૈસાની ગુરૂસેવા બતાવે, ત્યાં ગણગણતુ બોલે;
ઘરની સ્ત્રીજ્યારે માંગેવરેણું ત્યાં, હશીમગનથઇડોલે. પ્ર.૬
ખોટાં મોતી કાચ કીડીયાં, ભગવત ભુષણ ઘાલે;
સોનું રૂપુ મણી મુકતાવિણ સ્ત્રી સુતને નવ ચાલે. પ્ર-૭
જગ દેખતાં જપવા બેસે, બાકી નાહ્ય ન ખાવા;
ગળાં કાપે ત્યાં થાયગળગળો, એ વૈષ્ણવના વહાવા.પ્ર.૮
આ કરવું આ ના કરવું એમ અન્યને શીક્ષા દે છે;
તે પ્રમાણે તું નથી કરતો, અનુચીત કર્મ કરે છે. પ્રભુ૯
અંતરના છળ અન્ય ન લહે, પણ જાણે અંતરજામી;
એતો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામી. પ્રભુ.૧૦

૩૯

લાંબી સોડે સુતોરે, સુખની તે સજ્યા કરી;
કદીએ નવ બોલ્યોરે મુખથી તું હરીહરી, ટેક૦
આછેરે તારૂં આછેરે મારૂ, તેમાં બંધાણું તારૂ ચીત;
અલબેલીનો સંગ ન મુકયો, તે વિના આંધળો ભીંત;
એક ઘડી તું તોરે, થીર નવ બેઠો ઠરી. લાંબી સોડે૦ ૧
શીર ઉપર તો કાળ ભમે છે, જેન તેતરપર બાજ,
કહીએ ખરા પણ કહ્યું ન માને કરે મુરખથી કાજ;

જેજેમતેતેમજરે.મુકીને તારે જાવું મરી, લાંબી સોડે.૨
ઉંચાઉંચી મેડીનેબાગબગીચા, નવીનવીભાતનારંગ;
તે ઘેર બેઠા કાગ કકળશે, કોય ન આવે તારી સંગ;
તુળશીતોકહેછેરે, લીધીલખચોરાશીફરી. લાંબી સોડે.૩

૪૦

ગોવીંદગુણગાઇલ્યોમનઘેલા,તમેથાઓને વહેલાવહેલા.
હરીગુણ ગાઓને પ્રથમ પહેલારે, ગોવીંદગુણ૦ ૧
કાયા પાણીનો પરપોટો, અંતે એ ભરૂંસો ખોટો;
જુગમાં હરીજશ મોટોરે. ગોવીંદગુણ૦ ૨
મન તું મારૂં મારૂં કરતો, સગા સંબંધી સાથે લડતો;
તું તો હીંડે છે વન રડવડતોરે. ગોવીંદગુણ૦ ૩
જીવ તારી માત પીતાને ભ્રાત,કોઇનહી આવેતારીસાથ;
તારે જાવું એકલડાં વાટરે. ગોવીંદગુણ૦ ૪
જીવ તારે અવર તણીછે આશ,વેશવણાને થોડી રાત;
ક્ષણમાં થઇ જાશે પરભાતરે. ગોવીંદગુણ૦ ૫
એવી વૈશ્નવ જનની રીત કરી લે શામળીયાશું પ્રીત;
ભક્તભોવન કહે હરિ ભજીને જીતરે. ગોવીંદગુણ૦ ૬

૪૧

માતા જસોદા બોલાવે જમવા લાલને,
ચાલો લાડકવાયા લાગું તમને પાય;
તેમ તેમ રીસાઇને રંગ રસીયોજી આવે નહી,
પાછળ દોડે તેમ તેમ નટવર નાશી જાય. માતા. ૧

કાળા કેમ સંતાપે મુજને ઘરમાં કામ છે,
વાટ જુએ છે કાના બેસી રહ્યા બળવીર;
તમને શીખામણ દેઉ છું તે કેમ નથી લાગતી;
શા માટે શામળિયા ભરો નેત્રમાં નીર. માતા. ૨

આવા ઢંગ ધુતારા જે કોઈ તુજમાં જાણશે,
ત્યારે પરણ્યાની શી થાશે હરજી પેર;
કોઈ કન્યા નહિ આપે કાના કાના કહું છું કયારની,
રાખો ડહાપણ ચાલો રાડ તજીને ઘેર. માતા. ૩

હવે નહિ મારૂં મારા સમ મુજને છે બાપના,
હું તો હારી તુજથી તું જીત્યો જગદીશ;
શું કરૂં લાડકવાયો એકનો એક છે નંદને.
શું કરૂં સાંખી રહું છું બાકી ચઢે છે રીસ. માતા. ૪
જેમ તેમ સમજાવી લૈ ચાલ્યાં સુંદરશ્યામને,
કટિયે બેસારીને ચુંબન કીધું ગાલ;

મુખડું નીરખી હરખી રંગમાં રીઝયાં ઘણું,
લાવી મુખડા આગળ મુકી કનકની થાળ. માતા. ૫
માંહે પકવાનો પીરશ્યાં છે ભલી ભલી ભાતનાં,
માંહે ખાજાં જલેબી બરફી બુરા ખાંડ;
પેંડા પુરી કચોરી પડસુલીની પાતળી,
લ્યોલ્યો મારા સમ એમમુખથી કહેતાંમાંડ. માતા ૬
ઘેબર સુતરફેણી આણી અતીશે ઉજળી,
બીજા નાના વિધના પવિત્ર કીધા પાક;
અતિ આનંદે જમાડે માતા લાલને,
તળ્યાં તાતાં લાવી તરત મુકયાં શાક. માતા. ૭
મેસુર મગદળ તે લાવ્યાં માતા જસોમતી,
શક્કરપારો શીરો તેમાં સાકર બહુ;
મારા અલબેલા હો લાલજી શે નથી બોલતા,
મારા સમ જો હવે કશું તને નહી કહું. માતા. ૮
મારા સમ જો તુજથી વાહાલું મુજને કોઈ નથી,
મારી આંખડીએથી રખે વેગળા થાઓ;
મારાં આંગણિયાં રૂડાં દીસે છે તમ વડે,
સમ ખાધા શામળિયા હવે ન આઘા જાઓ.માતા.૯
પ્રેમે આરોગી ઉઠયા તે હરિ બળદેવજી,

માતા જસોદાને આનંદ અંગ ન માય;
આપે રમકડાં રઢિયાળાં રીઝી રંગનાં,
ઉભો દાસ હરિભટ ઢોળે પ્રભુને વાય. માતા. ૧૦

૪૨

હઇયાના ફુટયા હરી સંગે હેત ન કીધું,
લખ ચોરાશી કેરૂ લગડુ માંથે માગી લીધું રે. હૈઈ. ૧
પેટને અર્થે પાપ કરંતા, પાછુ ફરી નવ જોયું;
ચાર દિવસના જીવતર સારૂ,મન માયામાં મોહ્યુંરે. હૈ.૨
જન્મ મરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકીયો ટાળી;
માતાપિતા જુવતીસુતસંગે.વિસાર્યા વનમાળીરે. હૈ. ૩
આળસને અજ્ઞાન અતિશે, કામ બગાડયું તારૂં.
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારૂંરે. હૈ.૪

૪૩

આળસ તજને અભાગીઆ ગોવીંદ ગુણ ગાતાં;
રામે આપ્યા છે રોટલા,રૂડા લાગેછે ખાતાં. આળસ.૧
સારૂ સારૂ કહી શાકને, ભલા સબડકા ભરિયા;
હઠીલાઇડેડામદેઉતને, હરીકેમ વીસારીયા. આળસ. ૨

અન્ન વસ્ત્રની આશથી, ધાયો ફરે છે અંત્સ;
લખરે ચોરાશીમાંભટકવું,તેનીછેકાંઇચિંત્યા,આળસ.૩
કૃષ્ણ ભજન વિના કુતરા, થઈ લખલખ ફરશો;
કકડો કોઈ નાંખે નહી, માર માઇને મરશો. આળસ.૪
માઠો દેહ મંજારનો, કેઇ પેરેરે ધરશો;
છેછેડ કહિસઉ હાંકશે,મિયાંઉમીયાંઉકરી મરશો.આ.૫
છુટશો ઘેર ગોલા તણે, ગરધવ ગુણ નાંખી;
જેજેમ તે તેમ તાણશે, ધણીની બીક રાખી. આળસ.૬
આજ સેવા કર સંતની, હરી હૈડામાં આણી;
નહી તો પાડા થઈ પંથમાં,ભરશોકેમપાણી. આળસ.૭
માટે નાચી હરીને રીઝવો, કર્મ કુડાંરે છુટો;
ઘોડારે થઇને ઘાસમાં પગ શાનેરે. કુટો. આળસ. ૮
કીર્તન કરો શ્રીકૃષ્ણનું, મુકી બીજીરે વાણી;
બકબક થઇને બોકડા, ખાસો ખરસાણી. આળસ. ૯
ગરજીને ગાઓ ગોવિંદને, ઘણા કાઢીને ઘાંટા;
તો ઉંટ થઈ નહી અવતરો, ખાવાને કાંટા.આળસ.૧૦
માનીતી માનવ દેહ વિશે, હરિ મારગે ચાલો;
હસ્તિથઇનેમસ્તીઓ, માથેનહીધુળઘાલો. આળસ ૧૧
કૃષ્ણ વિસાર્યા તેં કોડશું, બહુ અવતાર ધરશો,

વાંદર થઈ વરણાગીયા, કાળેમુખેરે ફરશો. આળસ ૧૨
હરિ ગુણ ગાતાં તુજને, ટાઢ વાય શરીરે;
બગલા થઈ કેમબેસસો, તમે જળની તીરે. આળસ ૧૩
ગુણલા ગાઓ ગોવિંદના, શું લાગો છો લોભે;
ધુડ થઈને ધુધશો, તમે ધરને મોભે. આળસ. ૧૪
કૃષ્ણ કથારસ અનુભવો, કાને છો તમે શરૂવા;
કોળ નોળ વણીયરતણા, દેહ છુટેને વરૂવા આળસ.૧૫
પામી ઉત્તમ દેહને, હરિ ચિત્તથી ન મુકો;
નિત્યે ઘર ઘર માગશો, તમો લુખોને સુકો આળસ.૧૬
રીંછ રોઝને વાઘની, છે નરતીરે કાયા;
તે છુટવા છબીલો ભજો, તમે મુકીનેમાયા. આળસ.૧૭
ચેતિ શકો તો ચેતજો, શું કહીયેરે ઝાઝું;
હરિ વિનાજીવનું દુખડું, કહેતા હું તો લાજું.આળસ૧૮
માનવ દેહ મોંઘો જડયો, કાંઈ સાધન સજીયે;
રામકૃષ્ણ સરવે તજી, ભગવાનને ભજીએ. આળસ. ૧૯

૪૪

દીવેલ તો ખુટયુરે કુશકા ખાંડતારે,
પ્રાણીયા તેં કીધું એવુરે કામ;

આદર કરતારે આયુષ્ય વહી ગયુંરે,
સુખમાં તો સમર્યા નહી શ્રીરામ. દીવેલ તો. ૧
મનુષ્ય જનમરે મહા મહિ જડયોરે,
ભજવાને સત્ય શ્રી સારંગપાણ;
વહોરતને વહોરીરે, કાચ કથીરનીરે;
કહાવે વળી સઉમાં ચતુરસુજાણ. દીવેલ તો. ૨
જ્યાં લગી વહેતોરે ગાતર ગાંઠડીરે,
ત્યાં લગી સહુકો કરતું હેત;
દોહેલી વેળાનોરે સંગી એક રામછેરે,
ચીતડામાં ચેતી શકાય તો ચેત દીવેલ તો. ૩
ઉંચાને કોટેરે ભાઈ શું દોડતોરે,
આગળ તો આવે છે મહા અર્ણ;
રામકૃષ્ણ પ્રભુરે સાચા સેવજોરે,
તે પ્રભુ રાખશે તુજને શર્ણ દીવેલ તો. ૪

૪૫

સામાન સંભાળરે સંગી તારા ચાલીયારે,
જે વળી આવતા તારે સાથ;
ઇંદ્રિયો સઘળીરે શીથળ વિથળ થઇરે,
લાકડી તો ઝાલી છે વળી હાથ. સામાન. ૧

ઉદરને કાજેરે પરને આંગણેરે,
ઉભો વળી સાંઝે ને પરભાત;
ધંધોને કરતાંરે ધોળાં આવીયાંરે,
નવ લહી કાળ કેરી જે ઘાત. સામાન. ૨
આ ભવમાં આવીરે ભલપણ શું કરયુંરે,
ભારે મારી જનેતા નવ માસ;
રામ નામ લેતાંરે રસના આરસીરે,
કીધી તેં તો વીષીયો કેરી આશ. સામાન. ૩
બુદ્ધિ બળ સાથેરે બંધનમાં પડયોરે,
જઇ ભીડી બાવળીયાશું બાથ;
રામકૃષ્ણ પ્રભુરે સાચા સેવજોરે,
વાલો મારો નર્ક નિવારણ નાથ. સામાન. ૪

૪૬

હરિ ભજનવિના દુઃખહરિયા સંસારનો પાર ન આવે;
જડ બુદ્ધિ જીવ સંત વિના શુદ્ધમારગ કોણ બતાવે ટેક.
તેં અનેકવાર અવતાર ધર્યા, કૈ કર્મ તણા કોઠાર ભર્યા;
અઘઓઘ તણા અંબાર કર્યા. હરિ. ૧
ફર્યો ચાર ખાણ લખચોરાશી, થયો જળચર
સ્થળચર ગર્ભવાશી;

માયા બંધનથી ન શકયો નાશી. હરિ. ૨
પામ્યો મનુષ્ય દેહમાં નહિરે મણા, ધન ધામ પુત્ર
પરિવાર ઘણા;
હવે ગાઈલે ગુણ ગોવિંદ તણા. હરિ૦ ૩
તું ઝાડપહાડ જડરૂપ થયો, તેં શીત વરસા સુરતાપ સહ્યો;
તારા કષ્ટનો પાર નવ જાય કહ્યો. હરિ૦ ૪
દુઃખ જન્મમરણ એવું જાણી, શું બેઠો છું આળસ આણી;
કહે પ્રતમ ચેતી લે પ્રાણી. હરિ૦ ૫

૪૭

હરી ભજન થકી, છોટા હોય તે સઉથી મોટા થાય;
પરિતાપ ટળે, જન્મ મરણનાં સંકટ સરવે જાય. ટેક.
શુકજીનું મુળ જુઓ શોધી, સજનોઘાતી પશુરોધી;
થયા આપે ઇશ્વર અકરોધી હરી૦ ૧
જુઓ વાલ્મીકજીની વાત ખરી, જેણે દર્ભશારામાં દેહધરી;
તેણે સો કોટી રામાયણ કરી. હરી૦ ૨
જુઓ એકલશૃંગી હરણીના, જુઓ વ્યાસમુની વણ
પરણીના;
જુઓ સુતપુરાણી કોણ કરણીના. હરી૦ ૩

જુઓ દાસી સુતથી શું હીણપણું, વળી પુન્ય પવિત્ર
ચરિત્ર ઘણું;
થયા નારદ મન ગોવિંદતણું. હરિ૦ ૪
જુઓ માંડવની મીંડકી માતા, એવા વશિષ્ઠ વિશ્વે
વિખ્યાતા;
જુઓ ચતુરાનન પંકજ જાતા. હરિ૦ ૫
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તે ગંગા સરખું
થઇને ફળે;
જેમ પારસ પરસે લોહ ટળે. હરિ૦ ૬
એમજાતભાતસઉનજાણી, હરિભજેતે હરિસરખો પ્રાણી;
કહે પ્રીતમ ઓળખો એંધાણી. હરિ૦ ૭

૪૮

દેહ મનુષ્ય ધરી, હરિ ના જાણ્યા તેણે સરવસ ખોયું;
,મારા વાલાજી,મહામણિ મુકીને પથ્થર ચિત પ્રોયું.ટેક
તેં અમરત ઢોળી વીખ પીધું,તેં હાથે કામ કુડુ કીધું;
તેં મિથ્યા માતને દુખ દીધું. દેહ મનુષ્ય ધરી. ૧
તનેજાળવીયો જઠરામાંહી,તારૂંરક્ષણકર્યું પ્રભુએ ત્યાંહી
તેને સંભારયા સુપને નાંહી. દેહ. ૨

તેં જગપતિને નવજોયો, કલ્પવૃક્ષ તજી બાવળ બોયો;
તેં ઉત્તમ જન્મ એળે ખોયો. દેહ ૩
એની દેહ અશુદ્ધ અશુદ્ધ વાણી, જેણે પ્રિત પ્રભુ શું
નવ આણી;
એ અધમ જાત પામર પ્રાણી. દેહ. ૪
એને કૃતઘ્ની સરખા કહીયે, તેનીસંગે તે સરખા થઇયે;
કહે પ્રીતમ એથી અળગા રહીયે. દેહ૦. ૫

૪૯

હરિભજનથકી,છોટાહોયતે સઉથીમોટા થાયએ રાગ.
મન માને નહી, સો ફેરા સમજાવું તોય શું થાય;
ખળકઠણકઠોર, ચંચળચોર ચપળચિત્તચોદશજાયટેક.
મનભુતતણીપેઠે ભમતું, મન માયામાં રહે છે રમતું;
તેને હરિ ભજવાનું નથી ગમતું. મન૦ ૧
જોજમકિંકરનો ભયજાણે,તોમિથ્યાસુખને શિદ માણે;
ગયો અવસર ઉરમાં નવ આણે. મન૦ ૨
મળ્યો મનુષ દેહ તેમાં નહીરે મણા, ધન ધામ પુત્ર
પરિવાર ઘણા,
તું તો ગાને ગુણ ગોવિંદ તણા. મન૦ ૩

મગદળનો માથે માર પડે, તોયે ફરીને દ્વાર અડે;
ફળ દેખી મરકટ ઝાડ ચહડે. મન૦ ૫
કહે પ્રીતમચેતીલે પ્રાણી, શું સુતો સોડય ઘણી તાણી;
તારે માથે મરણનો ભય જાણી. મન૦ ૬

૫૦

પાણીનો ખેલ બનાવ્યોરે, એનીતો કહીયે અક્કલ ઘણી;
સહુથી તો રમનારોરે, શોભા તો એના નામ તણી. ટેક
ખરૂ એ પાણી ને ખોટું એ પાણી, પાણીઅફીણને ખાંડ
એ પાણીથી થયાં નર નારી, એ પાણીથી બ્રહ્માંડ;
પાણીનું બન્યું મોતીરે, પાણીની બની હીરાકણી પા. ૧
પાણીની અમુલ્ય કાયા બનાવી, હાડ ચામ લોહીમાંસ;
પાણીનાંરે પશુપંખી બનાવ્યાં, પહાડ પથ્થરને ઘાસ;
પાણીના હાથી ઘોડારે, પાણીની સાલપામરીબણી. પા.
પાણીનારે પચરંગ બનાવ્યા, અઢાર ભાતનાંરે અન્ન;
સહુથી ન્યારોમારોસાંઈ બીરાજે; તેનેદેખીનેથયોછું દંગ.
સંગ કીધો તેનોરે, સત્તા તો આત્માની ઘણી પાણી૦૩
અક્ષરાતિ તે અક્ષર બ્રહ્મ નિપાવ્યા, નેઅક્ષરથી નરનાર;
ઓંકારથિ ત્રણ ગુણ નિપાવ્યા, એ અઠાવીસ નિરધાર.
ઓગણત્રીશમા મહાવીષ્ણુરે, ત્રીશમા બાપુગાયભણી. ૪

૫૧

નામ જેણે જાણ્યું રે, તે તો વેદ ચારે ભણ્યો;
ભેદ જેણે જાણ્યોરે, તે તો ખરો તરત ભણ્યો. ટેક.

બતરીસ આભ્રણ અંગે ધરિ નારિ,
નાક વિના શો શણગાર,
કવીએ જો આપનું આપ ન જાણ્યું,
તે કેમ કરિ ઉતરે પાર;
સાર ક્યાંથી મળશેરે,ભણ્યો ખરો પણ ન ગણ્યો. નામ.

વાંઝણી નારીને સુપનું આવ્યું છે.
પુત્ર નથીરે એની પાસ;
એમ ભજન દેખા દેખી કરે છે,
તેની કેમ પુરી થશે આશ;
કેને બાપ કહેશેરે, વેશ્યાએ જે પુત્ર જણ્યો. નામ૦ ૨

નામ ગુણને રૂપને નાશ વળી, ચોથું પદ અવીનાશ;
એ ચોથા પદનો જે ભેદ જાણે, તેનેકહીએહરિતણોદાસ.
નાશ કરિ કર્મનોરે, સંશય એક પળમાં હણ્યો નામ૦ ૩

ગરીબી રાખી તમે ગુરૂજીનોસાહો, કરો શબ્દનો તોલ;
આપણ થકીજો અદકો મળે તો,તમો ધારણ કરજોબોલ

ગુરૂને સંગે બાપુરે,અનામી નામ પોતે બન્યો નામ૦ ૪

૫૨

ટીટોડી કહે તજિયેરે, ભુમી ઉપર ભારજ થશે;
અઢાર અક્ષોણિ દળમાંરે, ઈંડાં અટવાઈ જશે. ટેક.
ભુમિ તજી જઈ વ્યોમે વસિયે, પણ ભવિષ્ય ન ભુલે;
કૃષ્ણ કર્યું તે કોઇથી ન મટે; શું ડહાપણમાં ડુલે;
હજુર હુકમથીરે, હોનારૂં તે સેજે હશે ટીટોડી૦ ૧
રામ પ્રગટીને રાવણ રોળ્યો, ને પાણિમાં બાંધી પાળ;
સોનાની લંકાક્ષણમાં લુંટાવીને, વિભિષણકર્યોરેભુપાળ;
વીશે ભુજ વાઢયારે, છેદ્યાં મસ્તક દસે. ટીટોડી૦ ૨
પ્રલ્હાદજીની પ્રતિજ્ઞા પાળી, હિરણ્યાકસ્યપુ હણ્યો;
નરસિંહ રૂપ ધર્યું મારે નાથે, બ્રહ્માના વરને ગણ્યો;
હરિથી સર્વે હેઠું રે, ઉગરે નહિ ઉપાય કરો. ટીટોડી૦ ૩
ગજઘંટાનાંખીને ઈંડાં ઉગાર્યાં, પક્ષીની કીધી પ્રતિપાળ,
મુકુંદ કહે મધુસુદને મોટા, સમરો દીનદયાળ;
ભાળ મને લાધિરે, હરિ હરિજનમાં વસે. ટીટોડી૦ ૪

૫૩

કપોતની કહેછેરે, કંથ મારૂં કહ્યું કરો;
સીંચાણાનો ભય છેરે, પારધીએ બાણ ભર્યો. ટેક.

અહીંથી ઉડી અળગાં રહિયે, આ દેશતજી પરદેશ;
મરમ વચન પીયુ મારાંને માનો, લાજ નહિ લવલેશ;
પ્રમાદને મેલોરે, રાંક વેણ રૂદયે ધરો. કપોતની. ૧
કપોત કંથ કહે કાયર, કામની, હોનારૂ છે તે હશે;
શતરૂનું સાલ સેજમાં ટળશે, કર્યું કર્તાનું થશે;
રૂદયે હરિ રાખોરે,મુખે કૃષ્ણ કૃષ્ણ ઉચરો. કપોતની. ૨
અહિ ડસ્યો પારધિને પાયે, બાણ છુટયું તે વાર.
સીચાણાનું છેદાયું સિર, કૃષ્ણ કરણી કીરતાર.
ભાવે ગુણ ભાખોરે, ભવજળ તરો તરો. કપોતની. ૩
તન તરૂવર પ્રાણ પંખીડો, પ્રવૃત્તિ નિવૃત્તિ બે નાર;
અહંકાર અહિનેજરા પારધિ, કરોધ સીંચાણો નિરધાર;
મુકુંદ મનમાંથીરે, પ્રભુ નવ રાખો પરો. કપોતની. ૪

૫૪

માથે કોપી રહ્યો છે કાળરે, ઊંઘ તને કેમ આવે;
પાણી પહેલી બાંધી લેને પાળરે, ઊંઘ તને કેમ આવે;
નથી એકે ઘડીનો નિરધારરે, ઊંઘ તને કેમ આવે;
આતો સુપના જેવો સંસારરે, ઊંઘ તને કેમ આવે. ૨
અલ્યા એળે ખોયો અવતારરે, ઊંઘ તને કેમ આવે;
તારા માથે છે જમનો મારરે, ઊંઘ તને કેમ આવે. ૩

તારા મનનું ધારયું થશે ધુળરે, ઊંઘ તને કેમ આવે;
ચાર તોલાં છે મણમાં ભુલરે, ઊંઘ તને કેમ આવે. ૪
કરી આવ્યો છે ગર્ભમાં કોલરે, ઊંઘ તને કેમ આવે;
થોલ આવેલું થાય છે કથોલરે, ઊંઘ તને કેમ આવે.૫
જોતાં જોતાં આયુષ ખુટી જાયરે, ઊંઘ તને કેમ આવે;
તારા ડહાપણમાં લાગી લાયરે, ઊંઘ તને કેમ આવે; ૬
કાંઠે આવેલું બુડશે ઝાઝરે, ઊંઘ તને કેમ આવે;
તારે કાજે કહે છે રૂપિરાજરે, ઊંઘ તને કેમ આવે. ૭

૫૫

આભડશેટમાં બુડયું બધું અંગરે, સારૂ થાય શી રીતે.
નથી નાહાતો ગોદાવરી કે ગંગરે, સારૂ૦ ૧
દેવ મંદીરમાં નથી કરયા દીપરે, સારૂ૦
નથી કરતો તું ટેલીયાની ટીપરે, સારૂ૦ ૨
નથી ચપટી કરાવ્યાનો ચાલરે, સારૂ૦
ખાવા તાકે મફતના માલરે, સારૂ૦ ૩
દેવ દરશનનું નિત્ય નથી નેમરે; સારૂ૦
આખી પૃથ્વીના વ્હોરી લીલા વેમરે, સારૂ૦ ૪
નથી વાપરતો દેવની દસુંધરે, સારૂ૦
નથી વાપરતો વીપની વસુંધરે, સારૂ૦ ૫

નથી દીધાં તીરથમાં દાનરે, સારૂ૦
નથી આપ્યાં અતીથી ને માનરે, સારૂ૦ ૬
નથી કરતો તું ખળાનિ ખેરાતરે, સારૂ૦
રૂષિરાજની ન રાખી રૂદે વાતરે, સારૂ૦ ૭

૫૬

જીવલડા આજ કે કાલે જાવું,
ઉડી જાયે રાખ થઈ તન આવું. જીવલડા. ટેક.
પડયાં જાળે પંખી તેતો પકડાશે,
કમળ ખીલ્યાં તેતો ખખીત કરમાશે;
જનમીયા તે તો જરૂર મરી જાશે. જીવલડા. ૧
ગયા જોને ગાદીપતિ ખાઈ ગોથાં,
પડયાં મુકી ચાલ્યાં પંડિત પોથાં;
થયાં પછે થોડે થોડે સડી થોથાં. જીવલડા. ૨
ખમા ખમા કહેવાતાં પડતાં આખડતાં,
ચતુરંગી પુઠે દળ ચઢતાં;
જુઓ એનાં નામ હવે નથી જડતાં. જીવલડા. ૩
ગુણીજન જેના આગળ નીત ગાતા,
વળી એતો દેશમાં વખણાતા;
તે તો ગયા કાળના પુરે તણાતા' જીવલડા. ૪

નવા નવા પોશાક પહેરી નિકળતા,
મોહોટા મોહોટા મહિપતિને જઈ મળતા;
બહુ એવા મળ્યા મશાણમાં બળતા. જીવલડા. ૫
ફુલાં કાને લટકાવી ફાંકડા ફરતા,
ધમધમ કરતાં ધરતી ઉપર પગ ધરતા;
દીઠા એતો નજરે ઠાઠડીઓમાં ઠરતા. જીવલ્લડા. ૬
જેને ઘેર ગરબડ ત્રંબાળુ ગાજે,
વળી વાજાં છત્રીસ વેગળાં વાજે;
રાજા એવા જલતા જોયા રૂષીરાજે. જીવલ્લડ઼. ૭

૫૭

મનડા માન્ય સાચું છે મરવું,
ખીલ્યાં પાંદડાં એને નહી ઘટે ખરવું. રે મનડા. ટેક.
પડતા ચહેમાં કંઇક કો વરસ પચીસે,
વળી કેટલાક તો વહી ગયા વીસે;
ત્રીયા મેલી ટળવળતી કોઇ વએ ત્રીસે. રે મનડા. ૧
ખુટે કાળે કંઇક અગાશીથી ખશીયા,
રહ્યા ખપી પરદેશમાં કંઇક રસીયા;
દિઠા કંઇક દેહોત વીષધરે ડસિયા. રે મનડા. ૨
બાળવયમાં સોધી લીધાં કંઈક બળીયે,

ફરયાં જાણે વાંદર ચોળાની ફળિયે;
કાઢી નાખ્યા કંઇકના વંશ કોગળીયે. રે મનડા. ૩
ભળી ગયા ભોમી વિશે કંઇક ભોગી,
ઉડી ગયા કંઇક નારી આગે ઉદ્યોગી;
જતા રહ્યા જાણે દિગંબર જોગી. રે મનડા. ૪
નીચું કરી કાંધ ન કોઇને નમતા,
મહા અભિમાન અને અતિ મમતા;
ભાળ્યા એના સમશાને કાગડા ભમતા. રે મનડા. ૫
લખેશરી કરોડપતી કંઇક લોકો,
હતો જેના હાથમાં હેમનો હોકો;
પડી ગઇ એહવાની ઓચંતી પોકો. રે મનડા. ૬
કદી નોય સુપનાની દોલત સાચી,
કાયા માયા એજ રીતે જાણો કાચી;
રખે રૂષીરાજ કહે જુઓ રાચી. રે મનડા. ૭

રણછોડજીનો શણગાર.

રણછોડરાયે સારો ધર્યો શણગાર,
તમને નીરખું વારમવાર, રણછોડ;

તમારી શોભા અપરમપાર, રણછોડ.
તમ દર્શન અમો મંદીરમાં પેઠા,
નાહી ધોઇ પ્રભુ બાજોઠ બેઠા,
શણગાર લઇ સઉ સેવક પેઠા;
પ્રથમ પહેલી ધોતી ધરાવી,
સારી સારી સુગંધી લગાવી;
ચંપો ચંબેલી, જુઇ, કેવડો ને ગુલાબછડી,
તે મેકે અપરમપાર. રણછોડરાયે.

જરકસીનો જામો પહેર્યા છે,
માથા ઉપર પાઘ ધર્યાં છે;
કસી કંદોરો ને કાતરો ઘાલ્યો,
દામણીએ આડો આંકજ વાળ્યો;
હીરા માણેક મોતી ને મુક્તાફળ,
તે શોભે અપરમપાર.

મુસ્તક ઉપર મુગટ ધર્યો છે,
કોટમાં આભરણ કંઠો જડયાં છે;
ચીસપટી માંહી પદ્મ પડયો છે;
કાને કુંડલને હુબચીએ હીરો,
કડાં, સાંકળાં, વેઢ, વીંટીઓને બાજુબંધ;

પાયે ઝાંઝરનો ઝમકાર. રણછોડરાયે.
ફુલ તુલસી, ગુંઝ કમળની માળા,
હાથમાં ગેડીને વાંસળીવાળા;
સારા શોભો તમેછો નંદલાલા,
પાનનાં બીડાં ને દર્પણ આપ્યાં;
ભાવ થકી એવે રૂપે દર્શન દેજો,
નીરખ્યાં એવા રદયમાં રેહજો.
ગુણ ગાય તમારો દાસ. રણછોડરાયે.

સુદામાને બતાવેલી અકળ લીલા.

એક વખત વિઠ્ઠલવર ચાલ્યા, ભાવભક્ત ઉપર લાવ્યા;
બાળ સ્નેહિ સુદામાને, મળવા માધવજી આવ્યા. ૧
સુદામાપુરિમાં પ્રભુ પધાર્યા, નર નારીને હેત વાધ્યું;
પવિત્ર પત્નિ સુદામાની, હરજીને આસન આપ્યું. ૨
સુદામા કહે છે નારીને, ચડાવ્ય ચુલે તપેલી;
રીદ્ધ સીદ્ધ ને નવ નીધ તે, આ હરીએ મને આપેલી. ૩
મુષ્ટી તાંદુલ લઇ માધવે, મને ઘણો ગ્રહસ્થ કર્યો;
દળિદર હતું દાણા ન મળતા, તે દુખનો દિવસ હરયો. ૪

રામા રસોઈ કરવા બેઠી, શાક પાક સામગ્રી ઘણી;
રોટલીની શેર કણેક બાંધિ, તેમાંથી અદશેર વણી. ૫
ત્યારે સુદામા કહે શામને, શીદ ભુખ્યા બેશી રહીએ;
રસોઇ તૈયાર થવા આવી, નદીએ નાહાવાને જઇએ. ૬
એટલે ઉઠયા શામ સુદામા, એક એકના કર ઝાલ્યા;
સ્વચ્છ ધોએલાં વસ્ત્રજ લીધાં, વાતો કરતા બેઉચાલ્યા,
સુદામા કહે સુણો શામજી, હું બ્રાહ્મણપર હેત લાવો;
લોક વાત કરે છે માટે, અકળલીલા મુને બતાવો. ૮
એક અકળલીલા જોવાને, મોહન હું મરૂ મથી;
શામ કહે અકળલીલા, જોવામાં કાંઈ સાર નથી, ૯
સુદામા કહે મારે જોવી, એમ કરતા નદીએ આવ્યા;
અકળલીલા હરજીવનજી, દેખાડવા દીલભાવ લાવ્યા. ૧૦
શામ કહે સુણો સુદામા, મન તણો મુમત મેલો;
આપારથી ડુબકી મારે, પેલેપાર કોણ જાય પેહેલો.૧૧
એમ કહી મુમતે ચડીયા, પડીયા નદીના નીરમાં;
ત્રણલોકનો નાથજ ત્યાંથી જઈ ઉભો સામીતીરમાં. ૧૨
અકળલીલા નથી ઓછી ન ઉતમ નટવર નાગરમાં;
હરજીએ હડસેલી મેલ્યો સુદામાને સાગરમાં. ૧૩
બે ઘટીકાએ બહાર નીકળ્યા, પસ્તાવો મનમાં કરતા;

કયાંગયું ઘરને કયાંછે ઘનશામ,આંખે આંસુડા ભરતા. ૧૪
ભારે જળજોઈ ભડકી ઉઠયા, ભજવા માંડયા દીનબંધુ;
નદી મારી કયાં નાશી ગઇ, કયાંથી આવ્યો આસિંધુ. ૧૫
આજળથી નહી જાઉજીવતો,કહી જુગદીશનું ધ્યાન ધર્યું;
દામોદરને દયા ઉપજી, સાગર વચ્ચે ગામ કર્યું. ૧૬
તેમાં મલેચ્છ મનુષ્ય વસાવ્યાં, અવળી રીતી તે ચાલે;
બ્રાહ્મણ શુદ્ર સર્વે સરખા, એક એકને કન્યા આલે. ૧૭
તેવા ગામમાં ગયા સુદામા, નગરશેઠ સામા મળ્યા;
બ્રાહ્મણ તમે ભલે પધાર્યા, કહીને સાથે લેઈ વળ્યા. ૧૮
વીપ્ર કહે સુદામાપુરી, કહે શેઠ કેટલે હશે,
શેઠ કહે સુદામાપુરી. જાતાં વીશ વરસ થશે. ૧૯
વીસ દિનથી વહાણ ગયાં છે, તે જઇને પાછાં આવશે;
પછી તમને ઘેર પહોચાડે, સાઠ વર્ષે જવું ફાવશે. ૨૦
સુણી સુદામા સંતાપ કરતા, કોને ઘેર જઇને રહીશું;
પેટપાપી પુલવાલાગશે, કયાં જઇનેઅનાજ ખાઇશું. ૨૧
શેઠ કહે સંતાપ ન કરશો, સૌ તમારૂં કષ્ટ કાપુ;
ખાવા પીવા ઓઢવા પેહેરવા, રહેવાને મંદિરઆપું. ૨૨
મારે પેટ છે પવીત્ર પુત્રી, તે દેઉ તમને કન્યા;
સુદામા કહે લેઉશુદ્રની, થાયઅતી અધરમઅન્યાય. ૨૩

ત્યારે શેઠ કહે આ ગામમાં, બ્રાહ્મણ શુદ્ર સહુ સરખા;
સઘળે એઠું અન મળવાનું ભુખે કયાં મારશોવળખાં. ૨૪
એટલે સુદામા અકળાયા ગામ લોક ગરદન ચાલે;
સો વરસે ઘેર જવાનું અન્ન ઉદક વણ કેમ ચાલે. ૨૫
અન્ન ખાઇશું ને વટલાઇશું,પરણ્યામાં ચીત્ત પેઠું છે;
નાતરહી સુદામાપુરીમાં ત્યાં જાણવા કોણ બેઠું છે. ૨૬
એવું સમજી કન્યા પરણ્યા, જુદું ઘરબાર લઇ રહ્યા;
પત્ની રાંધે પોતે જમે ભ્રષ્ટો ભેગા ભ્રષ્ટ થયા. ૨૭
સુદામાએ સંસાર માંડયો નારીને પાંચ પુત્ર થયા;
પાડોશમાં એક અબળા મુઇતી તેસારૂસમશાન ગયા. ૨૮
ઘણુંક માણસ ગયું મશાણે, મડદું છોડીને જુએ;
જે નારી મુઈ તેનો નાથજી, આંખે આંસુથી રૂએ. ૨૯
કાષ્ટ લાવી ચીતા ત્યાં ખડકી ચીંત્યામાં બહુ જીવ પેઠો;
નારીનું મુસ્તક ખોળામાં,લેઇને પીઉ બળવા બેઠો. ૩૦
સુદામા જોઈ વિસ્મય પામ્યા, બળનારો મુરખ જેવો;
સુંદરી સાથે પુરૂષ મરે, આ અનર્થ અવળો કેવો. ૩૧
તે સુણીને સહુ જન બોલ્યા, સુદામા તું છે મતિયો;
ગામ ચાલછેનારીપુઠે, સ્વામી હોય તે થાય સતીયો. ૩૨
સુદામા કહે ચાલજ ખોટો, તેને તમે માન્યો ખરો;

કોઇ પુરૂષ બળે નહી તેને કહો ભાઈ તમે શું કરો. ૩૩
લોક કહે ન તોડીએ ધારો, બાંધીને સાથે લઇએ;
સીધી રીતે બળે નહી તો પરાણે બાળી દઇએ. ૩૪
સુદામા કહે અરે શામજી, સર્વે મચ્યા તે લોક નડશે;
મારી પત્નીનો પંડ પડે તો મારે પણ બળવું પડશે. ૩૫
એવો એવો સંતાપ કરતા ભજતા શ્રી અંતરજામી;
હરી લીલાથી સુદામાની, પત્નિ પણ મરણ પામી. ૩૬
સુદામાએ સબ દીઠું ને, પોક મેલી રડવા બેઠા;
જાણ્યું જોડે મને બાળશે, કોઠીયો વચ્ચે જઈ પેઠા. ૩૭
નગ્રતણા ત્યાં લોકો આવ્યા, મડદું ઉપાડયું હાથે;
સુદામાને સોધી કાઢો, બળવા સારૂ લ્યો સાથે. ૩૮
સુણી સુદામા થરથર ધ્રુજ્યા, ખુણે રહી આંખો ચોળે;
લોક લઠીઆ લઈ લાકડીઓ, કોઠી કબાલા ખોળે. ૩૯
ખુણામાંથી ખોળી કહાડયા, ખેંચીને બારણે લાવ્યા;
હાથ ઝાલી હડવા ન દીધા, તેડીને મશાણ આવ્યા. ૪૦
ચીતાખડકી સહુ લોક બોલ્યા, બાકી નહિ રહે વિત્યામાં
પેહેલેથી સુદામા સમજી, બીરાજો આ ચીતામાં ૪૧
સુણી સુદામા કરે સોસના, અગનીના ભડકા થાશે;
ફોલ્લા ઉઠશે પાણી છુટશે, દુખ પામીને જીવ જાશે. ૪૨

અગ્નિ ન ખમાય ને જીવ જાય, બળ્યું બળવું નારીસંગે;
તે કરતાં પડુ દરિયામાં, વેદના વ્યાપે નહીં અંગે, ૪૩
એવું વિચારી બોલ્યા, બળવાને તૈયાર થઉં છું;
ઉભા રહો ભાઈ મેલો મને એકવાર નાહાવા જાઉં છું. ૪૪
એમ કહીને છેતરી ચાલ્યા, જળમાં જંપાપાત કીધો;
સ્નેહી સુદામાને શામળિયે નદિમાં ખેંચી લીધો. ૪૫
સુદામાએ ડોકું કહાડ્યું એટલે હસ્યા વનમાળી;
પ્રભુ કહે તમે છો પાછળ હું આગળ છું લ્યો તાળી. ૪૬
સુદામા કહે શેની તાળી, ઘણાં વરસ વહિ ગયાં;
કૃષ્ણ કહે કે હમણા આવ્યા, નારી રાંધિ રહિ હશે;
વીઠલ કહે વસ્ત્રજ પહેરો, રસોઇ શીતળ થઇ જશે. ૪૮
સુદામા કહે શું બોલોછો, રસોઇ શેની શીતળ થઇ;
પ્રભુ મશ્કરી કરવાની તે, ટેવ તમારી નહિ ગઈ. ૪૯
તે કરતાં તમારૂં બોલ્યું, સત્ય હોય તો વાત કહું;
એ વારતા કોને નવ કહેશો, કહોતો હાંસી કરે સહુ. ૫૦
મહારાજા તમ સાથે સરત, કરિ પાણીમાં હું પડીયો;
કીનારો કેમ આવ્યો નહિ, સાગર જળમાં નીકળી. ૫૧
ત્યાં સોહામણું નગર નીરખ્યું, ભ્રષ્ટાભ્રષ્ટી સૌ પ્રાણી;

ઉંચ નીચને ભેગુ ભોજન, અનીતી દુઃખની આણી. ૫૨
ત્યાં હું ગયો વિવાહ થયો, શુદ્ર જનના ઘરમાં પેઠો;
ખાનપાન સહુ સસરે પુરયું તેની પુત્રી વરી બેઠો. ૫૩
ચોખા રહેવા મન ધર્યું પણ, અન્ન ઉદકવણ ટળવળ્યો;
નીચ જાતી પરણ્યો તેનું રાંધી જમીને વટલાયો. ૫૪
વટલીને ઘર સંસાર માંડયો પાંચ પુત્ર તેનેજ થયા;
તે વાતનેબહુ દિવસ વીત્યા, તેવારના શું ઉભા રહ્યા. ૫૫
સુણીને શામળીયો બોલ્યા, ભાષણ તમારૂં ભાવ્યું;
શ્યો સીંધુ શાં સુંદરી છૈયાં, શું તમને સ્વપ્નુ આવ્યું, ૫૬
જાગૃત છોને લવરી માંડી, ન બોલશો દુખશે ડાચું.
સુદામા કહે સોગન તમારા, નહિ સ્વપ્નુ એ છેસાચુ; ૫૭
શામ કહે સાચું હોયે તો, સંગ તમારો પરહરિએ;
બ્રાહ્મણ જાતી ભ્રષ્ટ થયા, તેની તો સોબત કેમ કરીએ. ૫૮
વીઠલ વદે કહું વીશ્વમાં, ચાડી કરવા ચોરે ચડું;
સુદામા કહે વાત ન કરશો, પ્રભુ તમને પાયે પડું. ૫૯
નવ શામ કહે ચાલો સંચરીયે, તમારી નારી પાસે;
મહારૂં કે તમારૂં સાચું સઘળું તે ત્યાં જણાસે. ૬૦
લવરી માંડી ભાંગ પીધેલી, કહીને કૃષ્ણે કર ઝાલ્યા;
ગાંડામાં ગણી કહાડીને, સાથે લઈ મહોલે ચાલ્યા. ૬૧

ઘરમાં સ્નેહી સાથે પેઠા અકળલીલા બહુ પાકી;
રામાની રચોઇ જોઇ તો, નત્રટાંકની રોટલી બાકી. ૬૨
તેવું જોઇને ઝાંખા થયા, સુદામા પડીયા વીલા;
શામ કહે તમે સંસાર માંડયો, તે સઘળી મારી લીલા. ૬૩
સુદામા કહે અકળલીલા, શું વખાણું મુખ થકી;
ત્રીકમજી તમારી લીલા, સપને પણ જોવી નથી. ૬૪
સુદામાજી બન્યા, ભક્ત જનને મન ભાવે;
વ્યાસ વલ્લભ વાણી વદેછે, કૃષ્ણ કળ્યામાં કેમ આવે. ૬૫

ઝુલણી.

ગાયો ચારીને ગોવિંદ ઘેર આવ્યા ને, વારણા લેઉ વારી વારી
ઘરમાં પેસતાં કાન ઉઘાડા દીઠા, ઝુલણી કયારે વિસારી
એ નંદના નાનડીઆરે, ખમા મારા મનના મોહનજીરે;
ખમા મારા તનના ત્રીકમજીરે, ખમા મારા પ્રેમના પાતળીયારે.
ખમા રાય રણછોડ રંગીલારે, નંદલાલ ઝુલણી કયાંરે વિસારી. ૧
રૂવે રૂવેને કાન રૂદન કરે ને, લાવી બેસારૂ સામે ઓટે;
એરે ઝુલણીને કારણેરે, કાન મંદિરીયામાં લોટે, એ નંદના નહાનડીયા એ નંદના. ૨

સાવ સોનાની સોએ મંગાવું, ને રૂપલા કેરા ધાગા;
ખાંતીલો દરજી શીવવાને બેઠો, કહાન કુંવરના વાઘા.
ઓ નંદના નાહનડીરે. ૩

એરે ઝુલણીમાં કાંઇએ નથી પણ જડીઆંછેમાણેકમોતી;
એરે ઝુલણીને કારણેરે ગોકુળ મથુરામાં જોતી;
ઓ નંદના નાહનડીયારે. ૪

જરકશીનો જામો શીવડાવું, ને ઉપરશીવડાવુંકાનટોપી,
છાનો રહેને મારા કુંવર કનૈયા, કાલ પરણાવું ગોપી;
ઓ નંદના નહાનડીયારે. ૫

દ્વારકાથી પ્રભુ ડાકોર આવ્યા, ને ડાકોર કીધું છે કાશી;
મધરાતે મથુરાથી નાઠા, મારી છે પુતના માસી.
ઓ નંદના નહાનડીયારે. ૬

રૂપીઆ તે ગજનો મશરૂ મંગાવું ને બખીયા દેવરાવું
રામ રાતા;
ગાય શીખેને સાંભળેરે ગુણ ગાય જસોદા માતા
ઓ નંદના નહાનડીયારે. ૭

ખમા મારામનનામોહનજીરે ખમામારાતનનાત્રીકમજીરે
ખમામારાપ્રેમનાપાતળીયારેખમારાચરણુછોડરંગીલારે
ઓ નંદલાલ ઝુલણી ક્યારે વીસારી. ૮

ધ્રુવાખ્યાન.

કવિ.

શ્રી ગુરૂ ગોવિંદને હું નમું, પ્રેમશું લાગું પાય;
આરાધું અવિનાશ એવા, અનાદિ નિરંજન રાય.
આદી નિરંજન અકળ સ્વરૂપ, રામે લીધાં રમવા રૂપ;
સૃષ્ટિ નીપાવા થઇ મનસાય, સુભટ થઈ પોઢયા જળમાં.
જે જે વૈકુંઠરાય. ૧

હરી જળમાં પોઢયા સહી શેષ, નાગ ઉપર તે જાય;
નારાયણની નાભી કમળથી, બ્રહ્મા પ્રગટજ થાય;
બ્રહ્માના સ્વયંભુ તન, તેના પાંચે પુત્ર પાવન;
ત્રણ કન્યા બે પુત્ર વીખ્યાત, પ્રિયવરત ને ઉત્તાનપાદ
જે જે વૈકુંઠરાય. ૨

ઉતાનપાદ નર નીપન્યો, રાજા રૂપ નિધાન;
રાજાને બે સુંદરી, તેનાં સુરતી સુમતી નામ;
સુરતી ઉપર નહીરે માન, તેના ધ્રુવજી એક સંતાન;
સુમતિ ઉપરછેઘણું હેત, તેના કુંવર ઉત્તમ એક. જે. ૩
ઉત્તમ ઉછરંગે બેસાર્યો રાયે, સભામાંહી એકવાર;

પુત્ર લડાવે પ્રેમશું રાણી, હઈડે હરખ અપાર.
હરખ ન માયે હૈડામાંય, ધ્રુવજી રમતા આવ્યા ત્યાંય;
ઉછંગબેસવાક્રીધાંમન,અપરમા કહે કઠણ વચન.જે.૪

સુમતી.

અપરમાએમ બોલ્યાં ભુંડા, એ સુખ તુજને કયાંથી;
અભાગણીના પેટતણા તું, જાને અકરમી ઇહાંથી.
ઇહાંથી જઇ વનમા તપ માંડ,હરિ ભજીને કાયા છાંડ;
ફરી જન્મલેમારે શરીર,તોતનેરાજ અપાવીશવીર.જે.૫
વચનો વનિતાનાં સાંભળી, ઉતર્યો મહોંનો રંગ;
સભા તે સઘળી દેખતાં, ધ્રુવજી થયા મન ભંગ.
મનભંગથઇ નાંખ્યોનીસવાસ,રોતા આવ્યામાનીપાસ,
માયેચાંપ્યારૂદીયાસાથ,કહોકુંવરકોણેદુભાવ્યા આજ.૬

ધ્રુવ.

આજ સભામાં માવડી, બેઠો ઉત્તમરાયને ખોળે,
ઉછંગ બેસવા હું ગયો, ત્યારે અપરમા એમ બોલે,
અપરમા કહેઅભાગણીકેરા,સુખમાગોતોવનજાઓ વેલા;
ફરીજન્મલેમારેશરીર,તો તનેરાજ અપાવીશવીર. જે.૭

સુરતી

વળતી માતા ઉચરે, કુંવર હઇડે મ ધરીએ દુઃખ;
પુરણ પુન્ય ક્રીધાં હશે ત્યારે,તે ભોગવે છે સુખ.

સુખઆપણુનેકયાંથીવાલા,નીયમધર્મ કશાનથી પાળ્યા;
નથી સંતોષ્યાજોગીજતિ,તપતીરથવ્રતકીધાં નથી.જે.૮
નથી સંતોશ્યા સાધુને નથી, આપ્યાં વિપ્રને દાન;
ઓછાં કરમ જ્યાં આપણાં ત્યારે, કયાંથી રાયનાં માન;
માન ભોગવે ઉત્તમ નિત્ય, દત્તવિનાકયમપામીએવિત;
જો હોય ઈંદ્રાસનનો ખપ,તો કુંવર જઈમાંડોતપ જે.૯
તપ માંડયું બ્રહ્માજીએ ત્યારે, પામ્યા પદ્માસન;
સેવા કીધી મન ભાવતી ત્યારે, પ્રગટયા નારદ મુન્ય.
મુનીએ માંડયો મોટોજાગ,તપતીરથવ્રત થયા સુભાગ;
જોકરીએશ્રીહરીપ્રસન્ન,તોઅભાગીયાંટળીએતન.જે. ૧૦

ધ્રુવ.

તને અભાગણી હું ટાળું મા, છુંરે તમારો તન;
વનમાં જાઉં વેગે કરીને, સુખ સંભારૂ નહિ અન્ય.
સુખ સંભારે સાલે જેહ, વીશ્વંભરે પરઠીયો દેહ;
હરી મળેતોતાપઓલાય,નહીતરપ્રાણતજુંરે માય.જે.૧૧

સુરતી.

માતાને આંસુ આવિયાં ને, અંતર ઉપજી દાઝ;
રાજાએ મને પરહરી, કુંવર તું કરે છે તાજ.
તુજ વિના હું રહીશ કેમ, ટોળાં વછુટી મ્રગલી જેમ;
જળ વિનાજેવી માછલી,મારાપ્રાણુજશેટળવળી જે.૧૨

ધ્રુવ.

ટળવળ મારે માવડી તું, હવે દુઃખનો આવ્યો અંત;
બીજ રોપવીશ સુખનું, તેને ફળ લાગશે અનંત.
અનંત કરૂણા કરશે હરી,આપણી આશ પુરશે ખરી;
એ છે અનાથનોરે નાથ,તેને ભજવાજાઉંરે માત.જે.૧૩

સુરતી.

વળી માતા એમ ઉચરે, કુંવર પાંચ વરસનો તન;
બીજું બાળક એકે નથી, કેમ હું વાળું મન.
કેમ મોકલું વનની વાટે, કહેતાં મારાં હૈડાં ફાટે;
આંખની આગળરહોનેબાળ,ઘેરબેઠાભજીયેગોપાળ.જે.

ધ્રુવ.

ઘેર ગોપાળ ન પામીએ મનમાં, મોહ ઉપજે માય;
ખાતાં પીતાં પહેરતાં માતા, કેમ દમાશે કાય.
કાયા દમતાં સરજે કાજ,તપ કરતાં મળશે મહારાજ;
વનમાંજઈવહેલોઆવીશ, માતાદોમુજને આશીષ.જે.

સુરતી.

આશિશ દે છે માવડી સુતને, હજ્યો કુશળ કલ્યાણ;
મસ્તકે રક્ષા માવની, કંઠે કૃષ્ણની રક્ષા જાણ.
કંઠે કરજો કૃષ્ણ રક્ષણ, ઊરની આગળ નારાયણ;
કટીકેશવપુરૂષોત્તમપાય,એવી આશિશદેછે માય.જે.૧૧

માને આંસુ આવીયાં ત્યારે, થંભીને રાખ્યાં નીર;
મારી જીભે કેમ કહુ઼ં વળી, વનમાં વિચરો વીર.
વીર વચન કાને નવ ધરશો,તપકરતાં માયાનવ કરશો;
તપથી તમને મળશેહરી,વીરા વીરાવેગેપધારજોફરીજે.૧૮

કવી.

ફેરા ફરિયો માતનેરે, ફરીને લાગ્યો ચર્ણ;
આજ્ઞા માગીને સંચર્યો, વંદિને શુકન.
શુકન મળી સવત્સી ગાય, સુવાસણિ બેડુંભરિ જાય;
વરકન્યાપરણિનેવળ્યાં, વેદભણંતાવિપ્રજમળ્યા.જે.૧૮
મળ્યા શુકન સહુહરખના, ધ્રુવજીનીકળ્યા નગરબહાર;
આગળ જાતાં ધ્રુવજીને રે, મળીયા બ્રહ્મકુમાર.
બ્રહ્મકુમારભગવાનનેચહાતા,હરિગુણગાતાવેણસુવાતા;
કરજોડી કહે છે ભુપતન,ક્ષમા કરોતમેનારદમુન્યજે.૧૯

નારદ.

નારદ કહે શીદ જાઓ છો, શું તમારે કામ;
કોણ તમારાં માતપીતાને, શું છે તમારૂં નામ.

ધ્રુવ.

મારૂં નામ છે ધ્રુવ નીરધાર,મારા પીતાને બે છે નાર;
સાવણ રાણીબેઠાસોરંગ,ઉત્તમને તેડયોઉછંગ.જે.૨૦
ઊછંગ બેસવા હું ગયો મારિ, ખાંત હઇયાની ખોલી;

દ્રષ્ટીએ મુજને દેખીને ત્યારે, અપરમા એમ બોલી.
અપરકહેઅભાગણીકેરા,જોસુખવાંછેતોવનજાઓવહેલા.
ફરિ જન્મ લેમારિ પેટ,તોતનેરાજ અપાવીશનેટ.જે.૨૨
નેટ નાર કેમ ભોગવું. એને આપ્યું ધન;
સભા સઘળી દેખતાં, મને કીધાં કઠણ વચન.
કઠણ વચન તે કેમ વિસરે, લોઢાસમ હોય તો નીસરે;
ખડગતણોતોસહિયેઘાય,પણએવાબોલસહ્યાનવજાય.જે.

નારદ.

જારે ઘેલા અત્યારથી તું, એવડો શો ધરે કાળ;
માન કુમાન શું તાહરે તું તો, પાંચ વરસનું બાળ.
બાળકને શો ધરવા બોલ,ખાઓ પીઓ ને કરોકલોલ;
અપરમાનાં એવાં હેત,વિચારિને વાળો ચેત. જે. ૨૩

ધ્રુવ.

ચિત્ત તે કઇપેરે વાળીયે, મને બોલાવ્યો નહિ બાપ;
કશાયમાં લેખ્યો નહિ હું તો, તે ઉકળું છું તાપ.
તાપકુંવરનવઆણિઘેરતી,સુખદુખનુંકોઇશરીગતનથી;
હરિયેનીરમ્યુંતેમજહોય,કર્યાકર્મછોડાવેનહિકોય.જે.૨૪
કો કાળે વૃદ્ધિ હાણ છે, તેનો ન ધરો હરખ ને શોક;
અણચીતવ્યું જે આવિ મળે, તેનો ધર સંતોષ.

સંતોષી કુંવર ઘેર પધારો, અપરમાના બોલ વિસારો;
જા કુંવરતારાબાપનેકહું, રાજઅપાવુંનેમાનેસહુ.જે.૨૫

ध्रुव.

સભામાં શું દેખાડીયે, સહુકોમાં વળી નાક;
સભામાં જ્યારે શોભશું, મન પુરશે અભીલાખ.
લાખ લાખેણો કરશે હરિ, ત્યારે મંદીર આવીશ ફરી;
તપકરતાંજોહરિનહિમળે,તોમુજપ્રાણતજીશહુંબળે.જે.૨૬

નારદ.

બળ કીધે હરી નહિ મળે માનો મારા તન;
જન્મ થકી જોગી દેહ દમે, સ્વપ્ને નહિ દરશાન.
દર્શન તમને કેમ આપશે, વન જઇને વિમાસણ થશે;
વાઘ વરૂ વનમાં બહુ હશે, તે દેખીતુજતનધ્રુજશે.જે.૨૭
જાશે ચીત સંસારમાં ત્યારે સાંભળશે રંગભોગ;
ભુખ તરસ જ્યારે લાગશે, ત્યારે કુંવર મુકશો જોગ.

ધ્રુવ.

જોગ રૂષી નહિ મુકુ સ્વામ, મન ઈંદ્રિયો રાખીશ ઠામ;
મેરૂચળે પણ ચુકુંનહિ, રૂષીજી તમ પસ્તાપે સહિ.જે.૨૮

નારદ.

રૂષી કહે તું નીસર્યો ત્યારે, જાને મધુવન માંય.
જમુનામાં નાહીને, તપ આદરજે ત્યાંય.

ત્યાંજઇ કરજે અલ્પાસન, જળપત્રને ફળ પ્રાશન;
વળીતુભજજેહરીનુંનામ,સ્વરૂપસમરજેશ્રીઘનશ્યામ.જે૨૯
શ્યામને શીશ મુગટછે કાને, કુંડળ મકરાકાર;
કોટે કોસ્તુભ કટિમેખળા, પાય નેપુરનો ઝણકાર.
હાથપદમશંખ ચક્રને ગદા, એવું સ્વરૂપ સમરજે સદા;
કાનમાંઅક્ષરકહુંછું જેહ, દ્વાદશાઅક્ષરભણજેએહ.જે.૩૦

કવી.

એ કરતાં ખટ માસમાં તુજને મળશે વૈકુંઠનાથ;
આશીર્વાદ દેઇ દાસને, મસ્તકે મુકયો હાથ.
હાથજોડીધ્રુવ લાગ્યો ચરણ. આજ્ઞા માગીવિચર્યોઅરણ;
એહ કથા રહિએણેઠામ, રૂષિપધાર્યા રાયને ગામ.જે.૩૧
મુનિ આવ્યા મહારાજપે, જોવા રાયતણું સુખ મન;
માન દિધાં બ્રહ્માપુત્રને, વળી આપ્યાં આસન.
આપ્યાં આસન બેઠા રૂષિ, આશા ઉત્તમ તાતને વશી;
આશાંરેરૂષિસુખનાંરાજ,ધ્રુવવિનાચીંતાઅતિઆજ.જે૩૨

રાજા.

આજ સભામાં રૂષિજી મારે; ઉત્તમ ખોળામાંય;
ધ્રુવજી હોય તો આ વધે બહુ, ઉછંગની શોભાય.
ઉછંગે બેસવા ધ્રુવજી આવ્યો, તેનેતો મેંનવબોલાવ્યો;

સ્રીનેવરાંસેવિસર્યુંબાળ,અપરમાએદીધી ગાળ. જે. ૩૩
રૂષિ એ વચન નિસર્યો, વિરો ગયો છે વંન;
વનમાં વાઘ વરૂ હશે, તેને દેખી ધ્રુજશે તંન.
તન ધ્રુજશે તડકે ટાઢે, મંદિરમાં માલતો લાડે;
વાયુવૃષ્ટિકેમસાહેશે કુમાર,એની કાયાછેકોમળ સાર.જે૩૪
કોમળ પટકુળ પહેરતો, કેમ ઓઢશે મૃગચર્મ તેહ;
મુસ્તક બાંધતો મોળીયું, કેમ જટા રાખશે એહ.
એહ આનંદે હરતો ફરતો, ઘોડાની અસ્વારી કરતો:
કાંટામાં કેમ સુશેબાળ,એનીસજ્યાઅહિં છેસાર.જે.૩૫
સારાં અન્ન આરોગતો, તે ફળ પાત્રો કેમ ખાશે;
પાણી પીતો પળે પળે, તે જળવિણ કેમ રહેવાશે.
તેની વતી રહેવાશે કેમ, તેહ વિના હું દાઝું એમ;
શુદ્ધ વિનાનો થયોશરીર,વિસરનો નથીતેહજવીર.જે.૩૬
વળી વિરો અહીંયાં આવતો, રમતો રંગ અપાર;
ભુખ તરસ જ્યારે લાગતી, સુખડી માગતો સાર.
સારી સુખડી સુંદર મેવા, કાલુ કાલુ બોલતો લેવા;
તેણે અમને કીધાં તાજ,પુત્રવિનાશું કરવું રાજ.જે.૩૭
શું કરીયે વડીસાહેબી, ચિત્ત ઠરતું નથી કોઈ ઠામ;
શું કરીયે આ રાજને, શું કરીયે ધન ને ધામ.

ધન ગયું અમારૂં આજ, પુત્ર વિના સહુ સુનો સાજ;
પુત્રવીનાહું દુર્બળ દુઃખી,મારા પ્રાણ જશેરેરૂષી. જે.૩૯

નારદ.

રૂષી કહે તમે માં રૂવો, મને મળ્યું હતું તે બાળ;
આશીરવાદ દેઈ મોકલ્યો, ભજવા શ્રી ગોપાળ.
ગોપાળ ભજશે દીવસ થોડે, કુંવર ઘેર પધારશે કોડે;
માંડોરાજ્યને છોડોદુઃખ,એવું કહીનેવળીયારૂખ. જે.૪૦

કવી.

રૂષીને ચરણે લાગીને ધરૂવ, વીચર્યો નવ મોઝાર;
મધુવન પોંચ્યો પ્રેમથી, કીધો ત્યાં જઈ તપ વીચાર;
ત્યાં જઈ માસ કીધા ઉપવાસ, બીજેમાસે ફળકદપ્રાસ;
ત્રીજે માસ છઠે દીનએમ,ચોથે માસેજળનાં નેમ.જે.૪૦
નેમ ધરીને નેહથકી ભજે, ઈશ્વર આશરણ શરણ;
પાંચમે પ્રાણજ રૂંધીયા ધરૂવજી. ઉભા રહ્યા એકચરણ.
ચરણ ચતુરભુજ ચીતમાં ધર્યા,
દ્વાદશ અક્ષર મનમાં ભણ્યા.
એમ કરતાં વીત્યા ખટમાસ,
રૂદીયાચામાં ઓળખ્યા અવીનાશ જે જે. ૪૧
અવીનાશીને ઓળખીયારે, એમ ઉભો રાજન;

પૃથ્વી લાગી ડોલવા ત્યારે, ડોલ્યું ઇંદ્રાસન;
ઇંદ્ર અમર સૌ એકઠા થયા; વેગે કરી વૈકુંઠ ગયા;
જઇ કેશવને લાગ્યાપાય, મધુવનમાં કોઇકષ્ટે કાય.જે.૪૨

દેવતા.

કાયા કષ્ટી વંશ રાખવી એ, ઇંદ્રી મન અચેત;
અચરત એતો અતી ઘણું, એમ બોલ્યા અમરધરીહેત.
અમર કહે અમને બીક લાગી,રખે લીયે ઇંદ્રાસન માગી;

વિષ્ણુ.

વિષ્ણુકહેસાંભળસુરપતી,રાજ્યભોગએઇચ્છતોનથી. ૪૩
નથીઇચ્છતો સંપતીનેકે, નથી ઇચ્છતો સુખ નેહ;
ચરણધર્યાં ચીતે મારાં, ક્ષણું અળગો ન મુજથી એહ.
મુજ થકી અળગો નહિ એહ, એણે દમી છે પુરણ દેહ;
સદા સ્મરણ રાખેછેમારૂં,કહોજીએનેકેમવીસારૂં જે. ૪૪
વીસાર્યો વીસરે નહિ એને, આપીશ અવીચળ અર્થ;
નામ નહિ લે તે તમતણું, તમે કાંય બીહો છો વ્યર્થ

કવી.

ઇંદ્રતણી આસના વાસનાકરી. સુરસ્થાનક મોકલ્યા ફરી;
ગરૂડે ચઢી ચાલ્યા શ્રીહરી, વનમાં આવ્યા વેગે કરી.૪૫
કર્યો નાદ જ્યારેશંખનો; ત્યારે ધ્યાનમાંથી ધ્રુવ જાગ્યા;
નેત્રભરી નીહાળીનેરે, પ્રેમ શું પાયે લાગ્યા;

પ્રેમ કરી પ્રણામ્યા નાથ, હરીએ મેલ્યો મુસ્તક હાથ.
નીર્મળવાણી હવીપ્રકાશ, સ્તુતીકરે કરજોડીદાસ, જે. ૪૬

ધ્રુવ.

દાસ દયાળને વીનવે તમો, સર્વ જગતના ભુપ;
અકળ તમારી ગતી છે ન્યારી, અકળ તમારૂં સ્વરૂપ.
સ્વરૂપ નામ તમારાં જેહ, ગણતાં પાર ન પામું તેહ;
સઘળીવાતે છો તમેશ્યામ, પ્રાણીમાત્ર કરેપ્રણામ. જે.૪૭
પરણામી પરમાત્મા શ્રીહરી, સારંગપાણી હોય;
અદભુત શક્તી આપની, તારો પાર ન જાણે કોય;
પાર ન જાણે કોય લગાર, હું કેમ પામીશ તારો પાર;
એવુંસુણીહરખ્યાનરહ, કુંવરકાંઇએકમાગ્યતું વર. ૪૮.
વર કેમ માગું વીઠલા,હું તો કરીશ તમારી સેવા;
વીષય ભોગ સંસાર છે એતો, સુપનાના સુખ જેવા.
સુપના જેવી કાચી કાયા, સંસારની શી ધરવી માયા;
માયામાં ન મને મોકલો, વાહીને ન કરો વેગળો, જે.૪૯

વિષ્ણુ.

વેગળો વીરા ક્ષણું ન કરૂં, વળી તું વહેલો આવીશ;
જે ફળ દુર્લભ દેવને મળવું, તે ફળ તું પામીશ.
તેફળ તુજને આપું આજ, સંસારમાં તારીનરહેલાજ;
લોક કહે રઝળીનેમુવો, સ્વજનોમાંથીપડયોજુજવો.૫૦

પડયો સ્વજનથી જુજવો ત્યારે, સુરતીને દુઃખ થાય;
ઘેર જાને વીરા તું તારી, વાટે જુવે છે માય;
માનેબાપતણાંદુઃખકાપો, ઈહાંથીજઈ સૌને સુખઆપો;
મારી આજ્ઞા પાળજ આજ,
છત્રીસ હજાર વરસ ભોગવ રાજ. જે. ૫૧
રાજ્ય ભોગવી તું આવજે,તનેમોકલીશ એક વીમાન;
તેમાં બેશી તું આવજે, તારૂં થશે જગતમાં જાણ.
જાણે જગતમાં થાશે રાય, વેણે વધશે તુજ મહીમાંય

કવી

આપીવચનવળ્યાગોપાળ,જમુનાજીમાંનાખ્યુબાળ.જે.૫૨
બાળકને મારગમાં જાતાં, ઉપજ્યો મન વીચાર;
જે ફળ દુર્લભ દેવ ગણે તે, મને મળ્યા મોરાર;
મળ્યામોરારપણહું નહિફાવ્યો,હરીભજીને માયા લાવ્યો;
આગળરૂષીજીકહેતાએમ,તમનેત્રીકમમળશેકેમ.જે. ૫૩
મુજને ત્રીકમજી મળ્યા, મેં તો જાવા દીધા ફોક;
ફરી જઈશુ સંસારમાં મને, હસશે દુરીજન લોક.
લોક કહેશે એની બુદ્ધિ થોડી, રત્નઆપીને લાવ્યોકોડી;
પણએકજશાહું મોટોલાવ્યો,હરીનાંદર્શનકરીને આવ્યોજે.

લોકો.

હરી દરશાન કરીને આવ્યોરે, રાય તમારો તન;

રાજા.

હું દુખીઆને શું હસો છો રે, તમે તે સર્વે જન;
દુખીઆને શું હસવા સાચા;વનેગયા કેમઆવે પાછા;
વન ગયે થયા ખટ માસ, તેકુંવરનોશો વીશ્વાસ. જે.૫૫

કવી.

ઉર ન વીશ્વાસ આવ્યો ત્યારે, આવ્યા નારદ મુન્ય;

નારદ

દરશન કરીને આવ્યોરે, રાય તમારો તન.
રાય તમારો તન ઘણું જીવો, એકુળમાં પ્રગટયોછેદીવો.

કવી

વચન સુણી રીઝયા નરપતી,
વળતી વધામણી આપી અતી. જે. ૫૬
વધામણીમાં આપ્યા રૂડા, રાયે એકાવળીહાર;
રથે બેસીને સંચરીયાને, સાથે સુત બે નાર.
નારીને શીરે સુવર્ણ ઝારી, ભેટ ભરી લીધી છે ભારી
રાય રથેથી ઊતર્યાં જ્યારે, પુત્રે પરણામ્યાતેવારે.જે.૫૭

દ્રુવ

પ્રથમ પરણામ અપરમાને, તેં ભેટાડયા શ્રીપત્ય;

સુમતી.

વળતી માતા એમ બોલ્યાં તું, વાણી બોલ્યો સત્ય.
વાણી બોલ્યો તે સત્ય સહી, આસણી આશા પુરણ થઈ

સુરતી.

વીરા હું જોતી હતી વાટ, તેં મારો ટાળ્યો ઉચાટ. જે. ૫૮

કવી.

ઉચાટ મનનો ટાળ્યો કુંવર, તેડયો આનંદ ભેર;
હેતનાં આસું આવ્યાં ત્યારે, દુધની ચાલી સેર.
સેર ચાલીતે કુંવરે પીધી, માતાએ ઘણી આશીશ દીધી;

સુરતી.

ઘણા વર્ષ જીવોરે તન, તમે કર્યાં છે કુળ પાવન. જે. ૫૯
પાવન કરીયાં કુળ આપણાં, વંશે વધાર્યાં નામ;
મહીમા વધાર્યો જગતમાં, તેં ભજીને શ્રીરામ.

કવી.

રામ ભક્ત તડકામાં દીઠા, ઉતમે ત્યાં છાંયડા દીધા;
બંનેભાઈનીપોતીરળી, હેતનાં આંસુ આવ્યાં વળી. જે ૬૦
વળી રોપાવ્યા બારણા આગળ, કેળના થંભ;
અક્ષત અંકુર કુમકુમને જળ ભરી ચડાવ્યા થંભ.
કુળ ઉપર અક્ષત લખીયાજ, ધ્રુવને અવીચળ હોજોરાજ;
ઢોલદદામાભેરીનાદ, ધ્રુવ પધાર્યા નીજ પ્રાસાદ. જે ૬૧
પ્રાસાદ માંહી પધાર્યા ત્યારે, હરખ્યો સઘળોસાથ;
ભાવતાં ભોજન પીરસ્યાં ત્યારે, કાઢી વીવાની વાત.
વીવાહ કીધો અહલ્યા સાથે, પ્રેમે કરી પથરાવ્યા નાથે.

ઇંદ્રની કુંવરીનેરાજકુમાર,ધરૂવજીપરણ્યાબીજીનાર.જે.
નારી સાથે રંગે રમે, સુખમા કાઢે દંન;
રાજાએ વળી તેને આપ્યું, પોતાનું આસન.
આસને બેઠા ધરૂવજી જાણે, વરતાવી પોતાના આણ;
શાસ્ત્રપ્રમાણકરીનીરધાર,વરતાવેવરણાશ્રમચારજે.૬૩
વર્ણાશ્રમના ધર્મ બધાને, રામજાવે સુજાણ;

ધરૂવ.

આપ આપના ધર્મ પાળીયે, જે લખયું હોય ગીર્વાણ.
ગીર્વાણ શાસ્ત્ર ભણેરે બ્રહ્મ, આયુદ્ધ બાંધવા ક્ષત્રીધરમ;
વૈશ્યને કરવાખેતીવેપાર,શુદ્રને સેવાનો અધીકાર. જે.૬૪
સેવા તો સઘળી વરણને, હરી ભજોને નીત્ય;
વરણ ધરમ સૌ પાળીએ સાચું બોલીયે તે શુભ રીત.
સાચું બોલી સંતોષ વાળીએ,મોહમાયા સત્વરટાળીએ;
નકરો કુડ કપટ અન્યાય, એટલી શીખામણદેછેરાય ૬૫

કવી.

છત્રીસહજારવરસ વહી ગયાં ત્યારે,આવ્યું વીમાનપાસ
વૈમાન બેસીને સંચર્યા,ધ્રૂવજી ગયાઆકાશ.
આકાશમાં ધ્રૂવ બેઠાજઇ, અવીચળ પદતો પામ્યાતહી;
જે ગાયે ધ્રૂવનું આખ્યાન, તેતો પામે અવીચળ સ્થાન.
જે જે વૈકુંઠરાય. ૬૬

૬૧ ધ્યાન.

સમરી લેને શ્રીહરી. મુરખ તું સમરી લેને શ્રીહરી;
આવો દાવનહિઆવે ફરી,મુરખ તું સમરી લેને શ્રીહરી.
મનુષ્યાદેહ દુર્લભ તને આપી કૃષ્ણએ કરૂણા કરી;
ધન દોલતને માલ ખજાના, બેઠો કચેરી ભરી. મુરખ.
હજુ મુરખ તને લાજ ન આવી, ખાઈશ જુતીઓ ફરી;
તું જાણે મારી સાથે આવશે. અક્કલ તારી ખરી. મુ.
કળજુગમાં કારણ કીર્તનનું, સેહેજે ગુણકા તરી;
મરવાનો ભય નથીરાખતો,ડગનથી ભરતો ડરી. મુ.
ચંચળ ચપળ નેત્ર તમારાંને, શીરપર મુગટ ધરી;
દયાપ્રીતમ ભજ ગોવર્ધનધર;ભવસાગર જા તરી. મુ.

૬૨ (કૃષ્ણજીના દશ અવતાર).

કૃષ્ણ કનૈયાને જઇ મળોરે,
હરી હઇયાના હાર મારા વ્હાલા;
પહેલે રૂપે શ્રીહરીરે,
ધર્યો મચ્છા અવતાર મારા વ્હાલા.
શંખાસુરને મારીયોરે,
આપ્યા બ્રહ્માના વેદ મારા વ્હાલા. કૃષ્ણ.
બીજેને રૂપે શ્રી હરીરે.
ધર્યો કચ્છા અવતાર મારા વ્હાલા.

કચ્છે તે સાગર ડોળીઓરે,
ચૌદ રત્ન કાડયાં બહાર મારા વ્હાલા. કૃષ્ણ.
ત્રીજેને રૂપે શ્રીહરીરે,
પૃથ્વી દાંતમાં ઘાલી લાવીયારે,
ગઇતી રસાતાળ મારા વ્હાલા. કૃષ્ણ.
ચોથેને રૂપે શ્રી હરીરે,
ધર્યો નરસીંહ અવતાર મારા વ્હાલા;
હીરણ્યાકશ્યપને મારીયોરે,
પ્રલ્હાદની કીધી સહાય મારા વ્હાલા. કૃષ્ણ.
પાંચમે રૂપે શ્રી હરિરે,
ધર્યો વામન અવતાર મારા વ્હાલા;
બળી પાતાળે ચાંપીઓરે,
આપ થયા છડીદાર મારા વ્હાલા. કૃષ્ણ.
છઠેને રૂપે શ્રી હરીરે,
ધર્યો ફરશુરામ અવતાર મારા વ્હાલા;
ફરશુરામે ફરશી ફેરવીરે,
કાપ્યા સહસ્ત્રા અર્જુનના હાથ મારા વ્હાલા. કૃ.
સાતમેને રૂપે શ્રી હરીરે,
ધરયો રામ અવતાર મારા વ્હાલા;

રામે તે રાવણ રોળીયોરે,
દેવોને કીધું સુખ મારા વ્હાલા. કૃષ્ણ.
આઠમેને રૂપે શ્રી હરિરે,
ધરયો કૃષ્ણ અવતાર મારા વ્હાલા;
કૃષ્ણે તે કંસને મારિયોરે,
આપ્યું ઉગ્રસેનને રાજ મારા વ્હાલા. કૃષ્ણ.
નવમેને રૂપે શ્રી હરિરે,
ધરયો બુદ્ધા અવતાર મારા વ્હાલા;
દશમેને રૂપે શ્રી હરિરે,
ધરશે કલંકી અવતાર મારા વ્હાલા. કૃષ્ણ.
કાલીંગાને મારશેરે.
કમળા કેરા કંથ મારા વ્હાલા. કૃષ્ણ.

૬૩

હું તો તને વારૂંરે, આવીને તે શું કર્યુંરે,
હરી હિરો ખોયો, ને વોહોર્યો સંસાર;
હૈયું તારૂં ફુટયુંરે આંખે થયો આંધળોરે,
વિસારીને મેલ્યારે દિનદયાળ હું તો.
મારા સાળા મુરખરે, બુદ્ધિ તારી કયાં બળીરે;
માથે તો ભમતો ન દીઠો કાળ,
ગપાટાને હાંકયારે, તેં તો બધા ગામનારે;

વિચારી ન જોયું રે, સાર અસાર. હું તો.
મુનષ્યા જન્મરે મેળવ્યો તેં ધુળમાં રે,
હંસા ઉપર વાલી હામ;
જનુનીએ જણ્યો ત્યારે આડો શે ન આવીયોરે,
તારી માની કુખે ન દીધો ડામ. હું તો.
સગાં ને કુટુંબીરે, બુડાવાને સૌ મળ્યું રે;
તરવાને ત્રીકમ નામ સંભાર;
ચટકો તને લાગે તો ઝટપટ ચેતજેરે,
હવેથી તું ગાફલ ન રહીશ ગુમાર. હું તો.
ડહાપણને ડોળ્યું રે, સ્વાર્થ સાથમાં રે,
પરમાર્થની ન જાણી પેર;
રણછોડ કહે છે રે રાંડના ચેતજેરે,
વહી ગયો લોભે નદીની લહેર. હું તો.

૬૪

નહીરે વિસારૂં હરિ,
અંતરમાંથી નહીરે વિસારૂં હરી;
આડે માર્ગે જાતાં ને વળતાં,
અમુલખ વસ્તુ જડી. અંતર.
નદી જુમનાંનાં જળ ભરવાને જાતાં,
શીરપર મટુકી ધરી. અંતર.

પીળાં પીતામ્બર જરકસી જામા,
કેસરી આડ કરી. અંતર.

મોર મુગટ ને કાને કુંડળ,
મુખપર મોરલી ધરી. અંતર.

રાણી રૂક્ષ્મણીના મહેલ તજીને,
કુબજાને રાણી કરી. અંતર.

બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરતો વીઠલને વરી. અંતર.

૬૫

રિગુણ ગાવોરે ગાવો, કે અવસર નહિ આવે આવો.
નષ્યા દેહીનો મેળાવો, હરીગુણ ગાવોરે ગાવો. ટેક.
લક્ષચોરાશીમાં ફરશો, ફરી ફરી અવતરશો મરશો;
ખો જનમ જનમ ધરશો, હરિગુણ ગાવોરે ગાવો.
મળી કહે મારૂં મારૂં, તેમાં કાંઈ નથી તારૂં;
ગજળ માયનું લારૂં, હરિ ગુણ ગાવોરે ગાવો.
તે સૌ અળગું રહેશે, વાલપણે વળગ્યું રહેશે;
ખદુઃખ કોણ કોને કહેશે, હરિગુણ ગાવોરે ગાવો.
ચામાં સાચું કરવું, ધ્યાન હરિનું નીત ધરવું;
ુછોડ આ ટાણે તરવું, હરીગુણ ગાવોરે ગાવો.

૬૬

જે દુઃખ થાય તે થાજોરે રૂડા રામને ભજતાં. (૩)
પંડ પડે તો પડવા દેજો, જીવ જાય તો જાજોરે. રૂડા.
ઉંચો બાંધીનેતળે અગ્નિ પ્રજાળે,મારમુશળ કેરા ખાજોરે;
લોક નિંદે તેને નિંદવા દેજો, રાય દંડે દંડાજોરે. રૂડા.
સાતપાંચ મળી રાંક રણછોડ, ગુણ ગોવિંદના ગાજોરે.

૬૭

સતગુરૂ સહાય કરો એક વારરે,
મારો છે મુરખનો અવતારરે;
પથ્થર કરતાં કઠણ હૈયું છે મારૂંરે,
તેમાં હરિનામ ન ભેદે તમારૂંરે.
મારા તો મનની વાતો છે વાંકીરે;
સતગુરૂએ પથ્થર નાંખ્યા ટાંકીરે;
ટાંકીને મારગ મુગતા કીધારે.
સતગુરૂએ મંત્ર અનોપમ દીધારે,
આત્મ જ્ઞાન વિના ધર શુનુંરે,
સગપણ શોધીને કહાડજો જુનુંરે;
જીવ તું તો જાગીને જોને વિચારીરે,
મુવા પછી મુક્તિ કયાં થકી મારીરે.

એવી છે દાસ હરિની વાણીરે,
તેને તમે રાખજો રૂદીયામાં જાણીરે.

૧૮

જેણેરે ગોવીંદ રામા તમને વીસારયા,
તમને વિસારયા તે નર ભવોભવ હાર્યા. જેણેરે.
તમને વિસારી કવણ સુખ કીધું.
અમરત ઢોળી ઝેર હળાહળ પીધું. જેણેરે.
તમને વીસારી અવર મન મોહ્યું,
કોડીને બદલે કંચન ખોયું. જેણેરે.
તમને વિસારી અવર રંગ રાચ્યા,
વંઝા ન રહી તેની ઝનુની માતા. જેણેરે.
તમને વિસારી નીંદ્રા ભરી સુતો,
ભણેરે નરસૈયો તે નર ભવોભવ વગુતો. જેણેરે.

૬૯

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીએરે;
મનસા વાચા કરૂણા કરીને,લક્ષ્મીવરને ભજીએરે. ના.
કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ માને બાપરે;
ભગની સુતદારાને તજીયે, જેમ તજે કાંચળીસાપરે.ના.
પ્રથમ પીતા પ્રહલાદે તજીયો, ન તજ્યું હરીનું નામરે;
ભરત શત્રુઘને તજીજનેતા,નવ તજીઆ શ્રીરામરે. ના.

રૂષી પત્ની શ્રીહરીને કાજે, તજેલા ભરથારરે;
તે માટે કાંઈ કુડું ન પડીયું, પામ્યા પદારથ ચારરે.ના.
વ્રજવનીતા વીઠલને કાજે,સર્વે તજીને વન ચાલ્યાંરે;
ભણે નરસૈ વંદ્રાવનમાં, મોહન સાથે માલ્યાંરે, ના.

૭૦

તારી ભક્તિ બોડાણાને ભાવીરે, રણછોડ રંગીલા,
જમણા હાથમાં તુલશી વાવીરે, રણછોડ રંગીલા.
છઠે માસે તે ડેઠ ચડાવીરે, રણછોડ રંગીલા,
મહા મજરો કીધો મધરાતેરે, રણછોડ રંગીલા.
આપ આવ્યા બોડાણાની સાથેરે, રણછોડ રંગીલા.
દેશ ગુજરાતમાં આવીને રહ્યારે, રણછોડ રંગીલા.
વાલો ઉમરેઠ આવીને રહ્યારે, રણછોડ રંગીલા.
ત્યાં તો પગલાં પુજાય છે તારાંરે, રણછોડ રંગીલા.
સઉને દર્શન થાય છે સારાંરે, રણછોડ રંગીલા.
ત્યાં તો પ્રગટ પારખું કીધુંરે, રણછોડ રંગીલા.
આખા લીંબડામાં એક ડાળ મીઠુંરે રણછોડ રંગીલા
કાબાને થઇ છે જાણરે, રણછોડ રંગીલા.
કાબા દોડેને ભગત થાય આભારે, રણછોડ રંગીલા.
આશારામને આશરો તારોરે, રણછોડ રંગીલા.
વાલા તરીને પાર ઉતારોરે, રણછોડ રંગીલા.

૭૧ પરજ

પ્રભુ વિના બીજું કુણુ તારી બેલ્ય છેરે,
હરિ ભજે તો સુખડાની રેલ્ય છેરે,
સગાં સંબંધી મતલબ કેરાં સ્વારથીરે.
નાડી તુટે ત્યારે કોઈ કોઇનું નથીરે,
ગાડી રથડા વળી ને હાથી ઘોડલારે,
મેલીને મરવું રહેવું તે દહાડા થોડલારે,
મોટા રંગનાં ભરેલાં રૂડાં માળીઆંરે,
એક દીન સુવું છે મશાણમાં અકાળીયાંરે.
ભણ્યા ગણ્યા મરી ગયા ભોગીયારે,
રામના શરણ વિના ભવોભવ રોગીઆરે.
ડાહ્યા ડાહ્યા વખણાતા જે નરાં દેશમાં,
પ્રભુને ભજ્યા વિના પેઠા વંતર વેશમાંરે;
કાયા કોમળી આ તો અગન કેરા રાજનીરે,
રૂદે શીખામણ ધરને રૂષીરાજનીરે.

૭૨

મુક્તિ શીશતણું સાટુંરે, આગળ વસમી છે વાટું. ટેક.
એક દીવસ તો આવી બની, રાજા મોરૂધ્વજને માથે;
કાશીએ જઇનેકરવત મુકાવ્યું, હરીજનને હાથેરે ભ.
સત્યને કાજે ત્રણે વેચાણાં, રોહીદાસ ને રાણી;

રૂષીને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણીરે. ભ.
પેરો પટોળાં પ્રેમનાં રે તમે, શુરવીર થઈ ચાલો;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, અમરાપર માલોરે. ભ.

૭૩ શ્રી રાસહુંડી.

મારી હુંડી સ્વીકારો મહારાજરે શામળા ગીરધારી,
પ્રભુ એક તમારો આધારરે શામળા ગીરધારી. ૧

સાખી.

પ્રહેલાદની પત રાખવા, ધર્યું નરસીંહ રૂપ;
થંભ થકી વહાલો પ્રગટીયોરે,
માર્યો હીરણાકશ્યપ ભુપરે. શા. ૨
નીભાડામાંથી બળતાં ઉગાર્યાં, બીલાડી કેરાં બાળ;
ટીટોડીનાંવહાલેઈંડાંઉગાર્યાં,હરીહુતેથયા રખવાળરે. શા.
વાણીઆને વીમાસણ કરી, ને કર્યો માટીનો આર;
ખાંડણીયામાં મોભી ખાંડીયો,
તમારી મરજી પ્રમાણે મહારાજરે. શા. ૪
રાણાજીએ રાડ વધારી, મીરાં કારણ મહારાજ;
ઝેર ઘોળીને મોકલ્યાં તમે,ઝેરના જાણનહારરે. શા. ૫
ગંગેવ કેરે કારણે, ચક્કર ધરીયો હાથ;
સુધન્વાને કારણે તમે, તેલમાં થયા તતકાળરે. શા. ૬

શીબીરાજની માટી છાબે તોળાણી, ખાલી કર્યાં શરીર;
ધર્મ કેરે કારણે તમે, કોલવા કારણ મહારાજરે. શા. ૭
સાડાત્રણસો ખોરડાં નાગરનાં, જુનાગઢ મોજાર,
તેમાં નથી મારે નોતરૂં મને,નાતે દીધો તીરસ્કારરે.શા.૮
ઝુંપડી તારા સેવકની જમવા નથી જાર;
બેટી બેટા તો વળાવીયાં હવે,
વળાવી છે ઘરની નારરે. શા. ૯
ગરથ તો ગોપીચંદનું તુલસી હેમનો હાર;
સાચું ઘરેણું મારે શામળો મારી,
દોલત છે ઝાંઝને પખાજરે. શા. ૧૦
હું નથી મોટો લાખુપતી, હું નથી શેઠ શાહુકાર;
નરસીમહેતાની વીનતીહું તો,નાગરમાંછું કંગાલરે. શા.
શેઠ તો દ્વારકાંપુરી, શામળશાહ જેનું નામ;
હુંડીલેજોહાથમાંમોહન,કરજોપછી બીજું કામરે. શા.૧૨
તીરથવાસી ગામમાં ફરે, પુછે નામ ને ઠામ;
ગલીએ ગલીએ ફરી વળ્યાં અહીં,
નથી શામળશાહનું નામરે. શા ૧૩
ધુતારે ધુત વીધા કરી, અમને કહેતું બધું ગામ;
ઠગારે કરી ડેકડી અમારે, પુર્વ જન્મનાં પાપરે. શા. ૧૪

તીર્થવાશી ગામમાં ફરી નીકળ્યા ઝાંપા બહાર;
ત્યારેરૂપલીધું વાલેવણીકનું.વાલોત્યારેથયાતત્કાળરે.શા.
કાને કુંડલ જળહળે, એના તેજનો નહી પાર;
બાંહે બાજુબંધ બેરખા, હરીનેહૈયે હેમનો હારરે. ૧૬
હુંડી લાવો હજુરમાં શામળશા મારૂં નામ;
હમેશાં લખજો હુંડીયું કહેજો,વાણોતરસરખું કામરે.૧૭
હુંડી હાથો હાથ આપી વાલે, પુરી હઈઆની હામ;
નરસીંહમેતાનોસ્વામીશામળોવાલેનવખંડમાંરાખ્યુંનામ

મારી હુંડી સ્વીકારો મહારાજરે, શામળા ગીરધારી;
માથે ધણી ધાર્યો કીરતારરે શામળા ગીરધારી.
મને કોઈની નથી પરવારે, શામળા ગીરધારી;
શામળીયા જેવો સરદારરે, શામળા ગીરધારી. ૧૮

પ્રાતઃ પ્રભુ પાર્થના

રાગ વેરાવળ ૭૪.

પઢોરે પોપટ રાજારામના, સતી સીતા પઢાવે;
ચાસેબંધાવી પાંજરૂં,હિરા રતને જડાવે. પઢોરે પોપટ.૧
પોપટ તારે કારણે, લીલા વાંસ વઢાવું;
તેનુંઘડાવું પોપટપાંજરૂં, હીરારતનેજડાવું.પઢોરે પો.૨

પોપટ તારે કારણે, શી શી રસોઇ રંધાવું;
સાકરનાંકરીચુરમાં, ઉપરથી પીરસાવું. પઢોરે. ૩
પાંખ પીળીને પગ પાંડુંરા, કોટે કાંઠલો કાળો;
નરસૈના સ્વામીનેભજો,રાગતાણી રૂપાળો. પઢોરે. ૪

૭૫ રાગ વેળાવળ.

કોણ એ સમાના કામની, હત્ત ફળીએલ રામા;
દ્રૌપદીની લજ્જા રાખવા, હરી ઉભા છે સામા. કોણ. ૧
વાલોજી ગયાતારે વાડીયે, સર્વે સુંદરી સાથે;
શેલડીનો સાંઠો છોલતાં, છરી બેઠીછે હાથે. કોણ. ૨
માનીતી મંદીર પધારિયાં, ચીંથરડાંરે લેવા;
દ્રૌપદીએ ચીર વધેરિયાં,હરીને પાટો બાંધવા. કોણ. ૩
ત્રીકમે તેના તાંતણા, લખી રાખ્યા છે લેખે;
નવસેનવાણુ ચીરપુરીયાં,સઘળી સભારે દેખે. કોણ. ૪
ગરૂડે ચઢીને ગોવીંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભક્તઉદ્ધારણ ભુધરો મેંતા નરસઇનો સ્વામી. કોણ. ૫

૭૬ વેરાવળ.

આવો અમારે દેશડે, મીઠા મોહન માવા,
દહી દુધને ઘ્રત ઘણું, ખીરમાં ખાંડ ખાવા. આવો. ૧
રસોઈ કરી ભાત ભાતની, કાન તમારે કાજે;

પ્રીતમ પ્રીતે પધારીએ, કૃપા કરીને આજે. આવો. ૨
ગંગાજળ મેં તો ગરમ કર્યું, નાથ તમારે નાંવા;
આપું પીતાંબર પહેરવા, ચાલો પ્રસાદ આવા. આવો.૩
અરજ શુણી અલબેલડો, પ્રેમે આવ્યા છે ધાઈ;
ગોપીઓ દેખી ઘેલી થઈ, અતી મન હરખાઇ. આવો.૪
ભાવથી ભોજન જમાડી, બીડી પાનની દીધી;
ઘણા દીવસની ગોઠડી, કાન આગળ કીધી. આવો. ૫
પ્રેમની સાંકળે બાંધીયા, હવે નહી દેઉ જાવા;
નરસિંહનાસ્વામીશામળા,ચાલો ગોકુળગાવા. આવો.૬

૭૭

નારાયણ નામ લેને તું પ્રાણિરે,
બદ્રીનાથ પ્રગટયા જુગ જાણી. ટેક.
ગર્ભવાસે રક્ષા કીધી તારીરે;
લીધો જઠારા અગ્નિથી ઉગારીરે,
તેને કેમ મેલ્યો છે વિસારી નારાયણ.
નર દેહ દીધો તુને નાથેરે,
ધન હોય તો વાવર તારે હાથેરે;
પડયું રહેશે કોડી નાવે સાથે. નારાયણ.
વણ સમજે કહે મારૂં મારૂં રે,

ધન કાજ ફરે મન ખારૂં રે;
તારે હાથે નથી ધન તારૂં. નારાયણ.
મિથ્યા સુખમાં તે શું લપટાણોરે,
લોક લાજે ગળે દીધો પાણોરે,
જાય છે તૃષ્ણાના પુરમાં તણાણો. નારાયણ.
કાયા માયા એ રિતે કાચીરે,
તેમાં રંગમાં શું રહ્યો રાચીરે;
બ્રહ્માનંદ કહે વાત સાચી. નારાયણ.

૭૮

વૈકુંઠ મારૂં ઢુકડું, હરિજનને મન હજુર;
દુરીજનથી દુર વસે છે, પ્રેમી જનને ઉર. વૈકુંઠ.
કામ ક્રોધ લોભજ કહીએ, તેનાં ઉખેડાને મુળ;
મોહ માયાને મમતા કહીએ, તેનું કાઢો શુળ. વૈકુંઠ.
પાત્ર દેખીને પોષીએ, ભુખ્યાને આપીએ અન્ન;
કુડી સાખો નવ પુરિએ, પરહરીએ પરધન. વૈકુંઠ.
ચિત ચોરિ ના રાખીએ, મારીને રાખીયે મન;
ભણેનરસૈયોવૈષ્ણવકહીએ,હરિનેવહાલા હરીજન. વૈકુંઠ.

પદ ૭૯

ઓ રાણાજી જીવનો સંગાથી હરિવણ મારે કોઇ નથીરે
મારે પ્રભુ ભજવાની હામ મારેહરિભજવાનીહામરે. ઓ.

ઓ રાણાજી એકરે ગાયોનાં દો દો વાછડાં રે;
તેમના જુદા જુદા લેખ (૨) એકરે શીવઘેર પોઠીયોરે.
બીજો ઘાંચીડાને ઘેર, હો રાણાજી જીવનો સંગાથી;
ઓ રાણાજી એકરે માટીનાં દો દો માટલાંરે,
હાંરેતેમનાજુદાજુદાલેખ(૨)એકરેમાટલુંજશોદામાતનુંરે
બીજું કાલાલને ઘેરરે, હો રાણાજી જીવનો સંગાથી.
ઓ રાણાજી એકરે વેલાનાં દો દો તુમડાંરે;
હાંરેતેમનાજુદાજુદાલેખ(૨)એકરેતુમડુંસાધુસંગમાંરેજી;
બીજું રાવળીયાને ઘેરરે હો રાણાજી જીવના સંગાથી.
ઓ રાણાજી એકરે માતાના દો દો બેટડારેજી,
તેમનાજુદાજુદાલેખ(૨)એકરેબેટોચોરાશી ધુણીએરે.
બીજોતેલખચોરાશીમાંહ્યરે, હો રાણાજીજીવનો સંગાથી.
ઓ રાણાજી એકરે વાંસની દો દો વાંસળીરેજી.
તેમનાજુદાજુદાલેખ(૨)એકરેવાંસળીજશોદા માતનીરે.
બીજી વાદીડાને ઘેરરે હો રાણાજી જીવનો સંગાથી.
ઓ રાણાજી રોહિદાસની ચેલી મીરાં બોલીયાં રેજી,
હાંરેકેમારેકરવોસાધુસંગ(૨)શામળીયાસાધુનાસંગમાંરે.
જેથી ચડે ચોગણો રંગરે હો રાણાજી જીવનો સંગાથી
હરિ વિના કોઇ નથીરે.

પદ ૮૦

કક્કો.

છપાયા છંદ.

કક્કા કર સદગુરૂનો સંગ, રૂદે કમળમાં લાગે રંગ;
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દુર પળાય;
લિંગ વાસના હોયે ભંગ, કક્કા કર સદગુરૂનો સંગ ૧
ખખ્ખા ખરેખરી છે વાત, જે શ્રીમુખે કહી સાક્ષાત,
જ્ઞાની મુની જોગી જતી,ગુરૂ કિરપા વિણ સિદ્ધિ નથી;
જન્મમરણની મટશેવાત,ખખ્ખા ખરેખરી છે વાત. ૨
ગગ્ગા ગુરૂની સેવા કરો, પરનિંદા પરધન પરહરો;
પ્રપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતારામ;
એ શીખામણ ચીત્તમાંધરો,ગગ્ગા ગુરૂની સેવા કરો. ૩
ઘઘ્ઘા ઘણું કહે શું થાય, ભવ તરવાનો એ ઉપાય;
સમજીને સંશય ટાળવા, બાહર ભીતર હરિ ભાળવા;
જોતાં જીવ દશાતોજાય; ઘઘ્ઘા ઘણું કહે શું થાય. ૪
નન્ના નિર્મળ તેની દશા, જેને હરિ રૂદીયામાં વસ્યા;
પોતાના અવગુણને હણે, પરના તો રૂદિયે નવ ગણે,
કોના દોષ ન દેખે કશા, નન્ના નિર્મળ તેની દશા. ૫
ચચ્ચા ચિત્તમાં ચેતી લે, માથે મરણતણો છે ભે;

કાયા ઉપર તાકે કાળ, મોહ પારધીએ માંડી જાળ;
તેમાં હરી રાખે તો રહે, ચચ્ચા ચિત્તમાં ચેતી લે. ૬
છચ્છા લે માયા ગુણમયી, બળવંતી પણ દીસે નહિ;
દાનવ માનવ ને દેવતા, આધીન થઇ સૌએ સેવતા;
હરિજન આગે હારી રહિ,છચ્છા છે માયા ગુણમયી. ૭
જજ્જા વિરલા જાણે ભેદ, માયા પ્રપંચ વિધિ નિષેધ;
તે માયાનું તજવું માન, માયાપતી ભજવા ભગવાન;
અંતરમાં ઉપજે નિર્વેદ, જજ્જા વિરલા જાણે ભેદ. ૮
ઝઝા ઝાંખી જોને જેહ, વણ વાદળ જ્યાં વરસે મેહ;
વિના સરોવર અંબુજસાર, વિના ભમ્મર ઉડે ગુંજાર;
વિના અર્ક અજવાળું જેહ, ઝઝા ઝાંખી જોને તેહ. ૯
નન્ના નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર,
કાળ કર્મ નહી લાગે લેશ, આનંદી હરીનો દેશ;
તે પદને પામે નિરધાર, નન્ના નામ નાવ છે સાર. ૧૦
ટટ્ટા ટેક જન્મનો ટળે, અંતરજામી ઘટમાં મળે;
નાના મોટા હરીના ઘાટ, કાંઇ સુક્ષ્મ ને કાંઈ વૈરાટ,
હરીને ભજતાં હુંપદ ગળે, ટટ્ટા ટેક જન્મનો ટળે. ૧૧
ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, જ્યાં મળે બીજાની બીક;
નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ;
સમજુ માની લેને શીખ, ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક. ૧૨

ડડ્ડા ડહાપણ મુકી દે, સદગુરૂને શરણે જઇ રહે;
વચન તણો રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરજે નાશ;
ઉપાધિથી અળગો રહે, ડડ્ડા ડહાપણ મુકી દે. ૧૩
ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું, રૂડા પુરૂષને રૂદીયે રહ્યું;
સમજ્યા તેણે લીધો સાર ગાફલ નર તો ખાશે માર;
જોતામાં જોબન તો ગયું, ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું. ૧૪
રેણા રણ ચોરાશી તણું. તેનું વ્યાજ વધેછે ઘણું
હાણી ઘરમાં ડુલી ગયો, દેવાળું કાઢીને રહ્યો;
જમકિંકર કરશે તાપણું, રેણા રણ ચોરાશીતણું. ૧૫
તત્તા તારૂં આપ તપાસ, કયાંથી આવ્યો કયાં તું જાસ;
ખેપ કરીને ખોળી કાઢ, હરિફ, હોય તો લાગે હાડ;
મુરખના મનમાં નહી ત્રાસ,તત્તાતારૂં આપ તપાસ. ૧૬
થથ્થા સ્થિર તો રહેવું નથી,કોણ રંક કોણ પૃથ્વીપતી;
આજકાલમાં જાવું સહી, કોઇ ઉપાયે રહેવું નહી;
ભાવધરી ભજકમળાપતી,થથ્થાસ્થિર તો રહેવું નથી ૧૭
દદ્દા દેહ દેવળમાં દેવ, સેવક થઇને કરને સેવ;
પ્રેમ પુષ્પને ચંદનહાર, જ્ઞાનદીપક ઘટમાં અજવાળ,
અંતરનો ટાળે અહમેવ, દદ્દા દેહ દેવળમાં દેવ. ૧૮
ધધ્ધા ધરજે ધારણ ધીર, વાચ કાચ્છ વશ રાખે વીર;
શબ્દ તણી ગ્રહજે સમશેર, શત્રુ દળમાં પાડે ભેળ;

સદગુરૂ બખ્તર પહેર શરીર,ધદ્ધા ધારણ ધરજેધીર. ૧૯
નન્ના નિશાન ગુરૂનું છેય, ધીરવીર પગ રોપી રેય;
કાયર નરનું નહિ ત્યાં કામ, શુરવીરનો સાચો સંગ્રામ;
જીત્યા નિર્ગુણ જગમાંજેય, નન્નાનિશાનગુરૂનુંછેય.૨૦
પપ્પા પુરાની જે પ્રીત, મેરૂ ચળે પણ ન ચળે ચિત્ત;
ધ્રુવનીપેરેઅવીચળરહે, સ્તુતિ નીંદાને સુખદુઃખ સહે;
નારાયણને નીરખે નીત, પપ્પા પુરાની જે પ્રીત. ૨૧
ફફા ફોગટ તે કોણ ફરે, સચેત થઇ હરી સ્મરણ કરે;
જન્મમરણમાં આવે નહી,જેનું મન વશીયું હરીમહી;
જઠરા વાસ ન નિશ્ચે કરે, ફફા ફોગટ તે કોણ ફરે. ૨૨
ભભ્ભા ભજનથકીભયટળે, નીશ્ચય કાળકરાળ ન ગળે;
ભેખ ધરે જો સીદ્ધી થાય, ભાંડ ભવૈયા વૈકુંઠ જાય;
જેવોભાવતેવા હરી મળે,ભભ્ભાભજનથકીભયટળે. ૨૩
મમ્મા માયા મનની જાણ, મારૂં તારૂં ખેંચાતાણ;
સઘળે સરખો આત્મરામ, સાંધા વાંધા મનનું કામ;
માટેમન હરીચરણે આણ, મમ્મામાયામનની જાણ. ૨૪
જજ્જા જીવપણું જેહને, સંશય શોક સદા તેહને;
આત્મબુદ્ધી ન ઉપજે કદા, આશા તૃષ્ણાને આપદા;
દેહ દરશી દેખે દેહને, જજ્જા જીવપણું જેહને. ૨૫
રેરા રામ ભજનમાં રહે, બીજું બકવું મુકી દે,

વળતો શીદ વદે છે વાદ, નીદ વલોવે ન આવે સ્વાદ;
હરીનું હારદ હેતે ગ્રહે, રેરા રામ ભજનમાં રહે. ૨૬
લલ્લા લે તું આત્મ લાવ, ફરી ફરી નવ આવે દાવ;
જીતી બાજી હારીશ નહિ, સમજુને શીખામણ કહી;
હવે ન ચુકીશ આવ્યો દાવ,લલ્લા લે તું આત્મલાવ.૨૭
વવ્વા વેદ વચન નિરધાર, જે પ્રીછે તે પામે પાર;
ઉંચ નીચનો અંતર નથી,સમજ્યા તે પામ્યા સદગતી
સંશય શોક તજજોઅહંકાર,વવ્વા વેદવચનનિરધાર.૨૮
શશ્શા સાધન સર્વે થયું. જેનું હરિ ચીત ચરણે રહ્યું:
હરતાં ફરતાં હરીનું ધ્યાન, તપ તીરથ તેને બહુ દાન;
કોટીવીધન ભય દુષ્કૃતગયું,શશ્શા સાધન સર્વે થયું.૨૯
ખખ્ખા ખાંડનાં બીબાં ભરે, કોયલ કાગડા કુંજર કરે;
મીનમગર બહુ જળચર જાત,જેવું બીબું તેવી ભાત;
મીસરી જોતાં તો મન ઠરે,ખખ્ખા ખાંડનાં બીબાં ભરે.
સસ્સા સઘળે સુંદર શ્યામ,હરી વીના નહી ઠાલો ઠામ;
અનેક રૂપે એનાં નામ, આદે અંતે એકજ રામ;
જો સમજે તો પુરણ કામ,સસ્સા સઘળે સુંદરશ્યામ. ૩૧
હહા હરી ભાળો ભરપુર, દોષ કર્મ તો રહેશે દુર;
રવા ને રજની નહીકો કાળ,તેમ આત્મા પુરણ ભાળ;
નિર્મળ નયણે નિરખોનુર,હહા હરી ભાળો ભરપુર. ૩૨

સૌ અક્ષર સંપુર્ણ થયા હરી ગુરૂ સંતે કીધી દયા;
અક્ષર અક્ષર આત્મ બોધ, જો સમજે તો ટળે વીરોધ;
સંવતઅઢારબત્રીસીસાલ,ચૈતર સુદસાતમસોમવાર. ૩૩
સંઘેસર સાધુનું ધામ, ઠાકોર કુંજબીહારી નામ;
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા,હરી ગુરૂ સંતે કીધી દયા. ૩૪

પદ ૮૧

ઉપદેશ.

દેહ મનુષ્ય ધરી, હરી ના જાણ્યા તેણે સરવસ ખોયું;
મારા વાલાજી,મહામણી મુકીને પથ્થર ચીત પ્રોયું,ટેક.
તે અમરત ઢોળી વિષ પીધું, તેં હાથે કામ કુડું કીધું;
તેં મિથ્યા માતને દુઃખ દીધું. દેહ૦
તનેજાળવીઓજઠરામાંહી,તારૂંરક્ષણ કર્યુંપ્રભુએ ત્યાંહી;
તે ભાન તને સ્વપ્ને નહી. દેહ૦
તેં જગતપતિને નવજોયો,કલ્પવ્રક્ષ તજી બાવળ બોયો;
તેં ઉત્તમ જન્મ એળે ખોયો. દેહ૦
એનીદેહઅશુદ્ધઅશુદ્ધવાણી,જેણેપ્રીતપ્રભુશું નવ આણી;
એ અધમ જાત પામર પ્રાણી. દેહ૦
એને કૃતઘ્નીસરખા કહીએ, તેની સંગે તે સરખાથઇએ;
કહે પ્રીતમ એથી અળગા રહિએ, દેહ૦

પદ ૮૨

હરી ભજન કરો, ભય ભાગે જમ–દુતનો ભકિતભાવે;
અંતકાળસમે,હરિનુંબાનુંહોય ત્યાંજમશીદ આવે. ટેક.

જેને તીલક છાપ તુલસી માળા,
જેને મુખડે ગોવીંદ ગોપાળા;
તેને શું રે કરે જમડા કાળા. હરિ૦ ૧

એવો ભજન તણો પ્રતાપજ છે,
તેને લખ ચોરાશી માફજ છે. હરિ૦ ૨

એવું નિર્ભય નારાયણનું બાનું,
તેનું ખોળે ન રવીનંદન પાનું. હરિ૦ ૩
પ્રાણી મારૂં મારૂં ન મીથ્યા કરવું,
એક ધ્યાન હરિનુ નીત્ય ધરવું;
કહે પ્રીતમ ભવસાગર તરવું. હરિ૦ ૪

પદ ૮૩

રાજીયો.

જાગો જાગો જીવ લાડકારે, તમને દેઉં છું શીખ;
કહ્યા પ્રમાણે જો ચાલશો, ત્યારે તમને છે ઠીક;
રામ રટોને કોઇ રંગમાં. ટેક.

લક્ષ ચોરાશી વાટમાંરે, ધર્યા બહુ અવતાર;
મનખો મળ્યો ઘણી મહેનતે, નથી વારંવાર. રામ૦૧

કોઇ આગળ કોઇ પાછળરે, જાવું જાવું જરૂર;
રહ્યું નથી ને રહેશે નહી, રાય રાણાને સુર. રામ૦૨

નિવૃત્તી કહે છે નાથનેરે, નહીં માનો મારી વાત;
પડશો પ્રવૃત્તિના પાસમાં, પછે પછાડશો હાથ. રામ૦૩

ન હોય કુટુંબ એ તાહરૂંરે, રટો રામ મુકી રાજ;
રણ સંબંધે આવી મળ્યું, લેણા દેણાને કાજ. રા૦૪

ન હોય તરૂણી એ તાહરીરે, દાખે સ્વલ્પનું સુખ;
વીકાર તે થકી વાધશે, પછી દાવાનળ દુખ. રામ૦ ૫

પુત્રને પેટ પીતા આવતારે, પીતાને પેટ પુત્ર;
અદભુત ખેલ રામનો, એમ ચાલ્યું ઘરસુત્ર. રામ૦ ૬

પાળી પોષીને મોટા કરેરે, જીવને આણીને સોષ;
તે પુત્ર મુખ મેલે દેવતા,જુઓ ગુણના ભાઇ દોષ.રા.૭

છળ પડે છે એક એકથીરે, એવો માયાનો ધોળ;
અન્યોઅન્યે વળગી રહ્યું, માટે જાય ધરબોળ. રા૦૮

કાયા પરપોટો નીરનોરે, ફુલ્યો ફુટીને જાય;
ગુરૂ ચરણ પ્રતાપથી, નરભેરામ જશ ગાય. રામ૦ ૯

પદ ૮૪

રાજીયો.

જુઓને નીર ઝાકળ તણું રે, દેખે છે સઉ લોક;
પળ પછી કાંઈ ના મળે, એમ જોબન છે ફોક;
રામ રટોને કોઇ રંગમાં. ટેક.
નિવૃત્તિ રાણી એમ બોલીયાંરે,મને નાથની છે ભાળ;
કહ્યું કરો તમે કંથજી, ફરી નહી આવે તાલ. રામ. ૧
નાટક વીષ્ણુએ રચ્યું જ્યારનું રે, ચીતર્યાં ચોદ માળ;
અથડાયો છે જીવ ત્યારનો, વેઠ્યા કોટીક કાળ. રા. ૨
સતીતણું કહ્યું સાંભળીરે, લાગ્યો રામનો રંગ.
દશકો નિવૃત્તીનો વહી ગયો,પછી પ્રવૃત્તીનો સંગ. રા.૩
સંતાન થયાં નિવૃત્તિનેરે, પ્રાણ પુરૂષનો સંગ;
ધર્મ સંતોષ વડા દીકરા, જેનો અદભુત રંગ. રા. ૪
શાંતી સંતોષની નાર છેરે, દયા ધર્મને શરણ;
વિવેક વૈરાગ્ય વીચારજી, પુંછે વાળના છે ત્રણ. રા. ૫
જ્ઞાન વહુ છે વૈરાગનાંરે, ક્ષમા વિવેકની નાર;
અક્કલ વહુ છે વીચારનાં, એક સુરતી કુમાર. રા. ૬
એ તો પરવાર નિવૃત્તિનોરે, સંકેતમાં કહેવાય;
ગુરૂ ચરણ પ્રતાપથી, નરભેરામ જશ ગાય. રા. ૭

પદ ૮૫

રાજીયો.

પ્રવૃત્તી રાણી પછી બોલીયાંરે, ન્હોય તમારા ઢંગ;
હસારત થશે તમ તણી, નવ કરો એનો સંગ.
રામ રટોને કોઇ રંગમાં ટેક.
નવ કરો કહ્યું શોકયનુંરે, તમને દઉં છું શીખ;
જોગી કર્યાની આશા એહને, કંઈને મંગાવી ભીખ.રા૦
અકબરશાહને એ મળીરે, કરી મુકયો ફકીર
ટુકડા માગતો તેને કર્યો, ઉતાર્યું માપ નીર. રા૦ ૨
વાણી મધુરી મુખ ઓચરીરે, દાખ્યું સ્વલ્પનું સુખ;
રળતાં ખપતાં દીન વહી ગયા, પછી વળી ગયું મુખ.૩
શ્વેત કેશો ત્વચા લડબડીરે, આવ્યાં નેતરે બેંતાળ;
દંતપુરી તો ઉજડ થઈ, આવ્યો ઢુંકડો કાળ. રા૦ ૪
લોભ પ્રવૃત્તિનો દીકરોરે, જેની લાલચ નાર;
ક્રોધની અરીષા કામની, તૃષ્ણા અક કુમાર. રા૦ ૫
જમને મારે ઝાડો થાયછેરે, આવ્યાં આગળ કર્મ;
કોઠો ચોખાળો બીજો કહે, કોઇ જાણે નહી મર્મ. રા૦ ૬
જમને મારે આંસુડાં પડેરે, દેખી વહાલાને રોય;
જડ વાગીછે માંહે જમની, તે તો જાણે નહી કોય. રા.૭

સાથ પ્રવ્રતીનો સહુ ગયોરે, આવી નીવ્રતી નાર;
ગુરૂના ચર્ણ પ્રતાપથી રટો નરભા શ્રી રામ. રા૦ ૮

પદ ૮૬

રાજીયો.

જીવ ગયે સુનું સઉ થયુંરે, કાયા નગ્ર શુનકાર;
દશ દરવાજા બંધ થયા. તુટયા શ્વાસના તાર;
રામ રટોને કોઈ રંગમાં. ટેક.
મુવા જીવને રોતુ નથીરે, રડે સ્વાર્થ સગાઈ;
પોતપોતાનું સર્વે રડે, પ્રગટ આપુંછું ગાઈ. રામ૦૧
રડે તરૂણી કેવું કહીરે, છુટા મુકીને કેશ;
ગયું મણીતળ માહરૂં, જાણીને બાળે વેશ. રા૦ ૨
સાસરવેલી શું કહી રડેરે, પુત્રી સુખ વહુ પેર;
હવે અમો તો શું કરૂં, પરણ્યાએ કર્યો કેર. રા૦ ૩
ઓથને માટે બંધવોરે, ભુજ લેલાટ લગાઈ;
રણમાં મુકયો મને એકલો, તને ઘટે નહી ભાઇ. રા૦૪
માતપીતા કેવું રડેરે, પાળે ઘડપણ મારૂ,
પુત્રી ભગની કેવું રડે, સાસરવાસાને સારૂ. રા૦૫
પુત્ર માબાપને કેવું રડેરે, નથી દામ રતી રેખ;
દીવસ પાણી થશે શા વડે, નથી આરો રહ્યો એક.રા૦૬

૪મશે કે સહેશે ભુખનેરે, જડશે જમનો માર;
ામાંનું કોઈ કહેતું નથી, માટે જુઠો પોકાર. રા૦ ૭
:વાર્થ માટે સર્વે રડેરે, વળી કાંઈ લોકાચાર;
૪ન નરભા રટો રામને, નહી તો ખાશો પેંજાર. રા૦૮

પદ ૮૭

રાજીયો.

:ડીયા સુતાર સલાટનેરે, ઘણો દાખ્યો દામ.
ાગનમાં મહેલ ગાજી રહ્યા, રટયા નહી કદી રામ.
રામ રટોને કોઇ રંગમાં, ટેક.
મોહોલ કરાવ્યા મોકળારે, બહુ બારીયોના ઠામ,
ઓચીંતા ઉઠીને ચાલીયા, નથી પોહોચી કાંઇ હામ.૧
આવો હીંચોળાખાટ હીંચીએરે, રવી ઉગમતે ભાણ,
સુખ તમારાં સંભાળતાં, મને વાગે છે બાણ. રા૦૨
બચકે બનાતો બાંધી રહીરે, ઘણો ઓઢયાનો પ્રેમ,
ગેડયો તેની ભાગી નથી, રહી એમની એમ. રા૦ ૩
સાલો લીધી છે મોંઘા મુલનીરે, લીલા પીળા છે રંગ,
ઓઢી પહેરી નથી નીસર્યા, નથી અડકાડી અંગ. ૪
સ્વામી તમે છો ભુખાળવારે, જાણું તમારી વાત,
વહાણું વાયાની વેળા માગતા, દુધ સાકરને ભાત, ૫

ચાર દીવસ જતા જાતરારે, ખાવા રાખતા સાથ;
લાંબે પંથે તમે ચાલીયા, કાંઇએ બાંધ્યું નહી સાથ. ૬
ધન ધરતીમાં ઘાલ્યાં રહ્યાંરે, સાથે લીધું ન કાંય;
તે ધનને ક્યારે કાઢશો, તમે ત્યાંહાં અમે આંહ્ય. રા.૭
તડકે તમે નથી નીસર્યારે, ઘણું કોમળ મુખ;
સાણસીએ જમ તન ચુંટશે, કેમ વેઠશો દુઃખ. રા. ૮
ચાર વહુઓને ચાર દીકરારે, નામે ચરણમાં શીશ;
શા માટે મુખે નથી બોલતારે. એવડી શી છે રીસ, ૯
ઓચીંતા ઉઠીને ચાલીયારે, તેનો શો કહું વિવેક;
બીડી આપુ મારા હાથની, લેતા જાઓનો એક.રા.૧૦
જોત જોતામાં ચાલી ગયારે, કંઇ બાપના બાપ;
જીવની સાથે એ સંચરે, એક પુન્યને પાપ. રા. ૧૧
ગુરૂ છોટાલાલ પ્રતાપથીરે, જાગી નરભા તું જોય;
લેણ દેણ આવી મળ્યું, નથી કેનું હવે કોય. રા.૧૨

પદ ૮૮

(નાથ કેસે ગજકો બંધ છોડાયો)—એ રાગ.

નાથ તમે જાનત હો સબ ઘટકી,
મીરાં ભક્તી કરે પરગટકી;
નાથ તમે જાનત હો સબ૦ ટેક.
ધ્યાન ધરી મીરાં ફેર સમર લો;

સેવા કરે રઘુવરકી;
સાલીંગરામકુ તુલસી ચડાવત,
ભાલ તીલક બીચ ટપકી. નાથ તમે૦ ૧
કૃષ્ણ મંદીરમાં મીરાંબાઇ નાચત,
તાલ મરદંગ વાગે ચુટકી;
રૂમઝુમ પાયે ઘુઘર બાજત,
લાજ ખોલો ઘુંઘટકી. નાથ તમે૦ ૨
વીખના પ્યાલા રાણાજીએ ભેજ્યા,
સાધુ સંગાથે મીરા અટકી;
કરી ચરણામ્રત પી ગયાં મીરાં,
વીષ બની અમરતકી. નાથ તમે૦ ૩
ઘરકી નીકલી ચલીરે કેદારે,
શીરપર ગાગર મટુકી;
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
જેસી દોરી ખેલત નટકી. નાથ તમે૦ ૪

પદ ૮૯

રણછોડજીની તિથીઓ.

સખી પડવે પુરણ બ્રહ્મ, જે કોઇ જાણેરે;
રૂડો રણછોડજીનો ધર્મ, વેદ વખાણેરે.
સખી બીજે બોડાણોજી બોલ, બોલ્યા એવારે

રાખશો રહેશે તોલ, ઉપજે એવારે.
સખી ત્રીજે તે તુલસીનાં વન પ્રભુજીને પ્યારાંરે;
હાથમાં વાવે હરીના જન, શોભે સારાંરે
સખી ચોથે ચાલ્યા જાય, વસમી વાટેરે
રૂદીયામાં રણછોડરાય, મળવા માટેરે.
સખી પાંચમે પળીયા પંથ, તડકા તનમાંરે;
સેવા કરે હરીના જન, મારા મનમાંરે.
સખી છઠે છાપાં અંગ, ધણીનાં ધરીયાંરે;
રાખે રૂદીયા સાથે રંગ, હવે મન હરીયાંરે.
સખી સાતમે સુંદર શ્યામ, મોહન મળીયા રે;
હું તો આવીશ તમારે ગામ, ફેરા ફરીયારે.
સખી આઠમે જોડી વહેલ, બળવંત બેઠારે;
પુર્વ દેશમાં કરી મહેર, પંથમાં પેઠારે.
સખી નોમે નમવા જાય, આણી રાખેરે;
સેવક સુતા સાંગીમાંય, હરિ રથ હાંકેરે.
સખી દશમે આવ્યા ડાકોર, હરજી રસીયારે;
તે ઠેકાણે ઠાકોર, વ્હાલો મારો વસીયારે.
સખી એકાદશીના દન, ગુગળી ઘેર્યારે;
મધરાત્રે આવ્યા મહારાજ, હેરણ હેર્યારે.
સખી બારશે બાંધ્યા છે બંધ, સેવકથી છાનારે;

સોનું તો સવા વાલ પુંજીમાં પામ્યારે.
સખી તેરશે ગુગળી ઘેર, પાછા ફરીઆરે;
મધરાતે આવ્યા મહારાજ, કારજ સરીયાં રે.
સખી ચઉદશે ચરણામ્રત પ્રેમે પીધાંરે;
હરી કઠણ થયા નંદલાલ સંદેશા ન દિધારે.
સખી પુનમે પુજા થાય, શોભા સારીરે;
દર્શન કરવાને જાય, નરને નારીરે.
સખી પંદર તથો સાત વાર, જે કોઇ ગાશેરે;
તેને મળશે દ્વારકાનો નાથ, વૈકુંઠ જાશેરે,

પદ ૯૦

? રણછોડરાયા જે રણછોડરાયા.
મારતી કીજે મહારાજાની, લોપે નવ માયા. જે૦ ટેક
માર મુગટ શીર છત્ર બીરાજે, મણી માણેક ચળકે. (૨)
પુષ્પ મુગતાના તોરા, ચરણ સુધી લટકે. જે૦
માથ કસુંબીઝીણાંસરબંધ, છોગાં બહુ ધરીયાં; (૨)
તીલક લીલાટ હીરા માણેક, મોતી બહુ ભરીયાં. જે૦
કસરીઆડ મકરાક્રતકુંડળ, દધી સુત બેઉ જડીયાં (૨)
એક કટાક્ષે ભ્રકુટી કેરાં ત્રણ ભોવન ઘડીયાં. જે૦
અમુલ વરની આંખલડી, ધર્યું ચીબુક ગાલે. (૨)

મુખારવિંદતણી શી શોભા, કેસરી છે ભાળે. જે૦ ૫
અમુલ્ય હીરા હોઠ બીરાજે, કોટી રવી ચળકે; (૨)
કૌસ્તુભમણી કંઠમાં ઓપે, માળા બહુ લળકે. જે૦૬
અનેક આભુષણ રત્ન હીમનાં, પુષ્પની માળા; (૨)
તુલસી હાર ચડાવે પ્રભુને,તે જન બહુ વાલા. જે૦૭
જરકસી જામો અંગે સોહે વિવિધ બહુ ભાતે; (૨)
ઇંદ્રાદીક બ્રહ્માદીક સર્વે,સ્તુતી કરે ખાંતે. જે૦ ૮
ચત્રુભુજ પુરૂષોત્તમ પુરણ, અવીનાશી નામે; (૨)
શંખચક્રગદાપદ્મ બીરાજે, બે ઉર ત્રણ વાજે. જે. ૯
કટી મેખલા પીતાંબર ઉપર, બાંધ્યા છે પટકે; (૨)
દીનાનાથ દીસેછે દયાળુ, ખુબ બન્યો લટકે. જે૦૧૦
ચરણકમળ આનંદસાગર, સેવક સુખકારી; (૨)
જે જન આવીનીરખે પ્રભુને,દુઃખ કાપે ભારી.જે૦૧૧
છડી વાંસળી નેપુર ઓપે, નટવરને વેશે; (૨)
ગોપ થઇ ગાયો ચારી, ગોપી રમ્યા રાસે. જે૦ ૧૨
જે પ્રભુ આપ અનાથનો નાથ, તે ડંકપુરવાશી. (૨)
ડાકોરનાથ થઇને બેઠા, પોતે અવિનાશી. જે૦ ૧૩
આઠે શીખર ઘોડીધર ઉપર, ચોઘડીયાં વાગે; (૨)
નોબત શબ્દ સુણે જે પ્રાણી, દુખ તેનાં ભાગે. જે૦૧૪

દર્શન દીનાનાથ દયાળુનાં, જે આવી કરશે; (૨)
કોટી જન્મનાં પુરણ પ્રાયશ્ચિત, તે પણ હરશે, જે૦ ૧૫
આરતી એ પુરૂષોતમ કેરી, પ્રેમ ધરી ગાશે;
જે કોઇ પ્રેમ ધરી ગાશે;
સુખ સંપત પામી તે પ્રાણી, વૈકુંઠે જાશે. જે૦ ૧૬

અબધુત એસો ગ્યાન બીચારી,
વામે કોણ પુરૂષ કોણ નારી. અબ.
બ્રાહ્મણકે ઘેર નાતી ધોતી, જોગનકે ઘેર ચેલી.
કલમા પઢકર હુઈરે તરકડી,તો આપેઆપ એકેલી અ.
નહી પરણેલી નહી કુંવારી, પુત્ર જણ જણ હારી;
કાળીમુંડીકા કોઇ ન છોડયા, તો હજુએ બાળકુમારી.અ
સસરો મારો બાળો ભોળો, ને સાસુ બાળકુમારી;
પરણ્યો હમારો પારણીયે ઝુલે, તો મેં ઝુલાવનહારી. અ.
બ્રહ્મા વિષ્ણુ શંકર દેવા, તોવે તીનકી મેં જાઈ;
એ તીનુંકે ઘેર ધણીઆણી તો, વેનકું ગોદ ખેલાઇ.
નહિ જાવું સાવરીએ નહી જાઉ પીયરીયે.
સ્વામીકી સેજ સમાઇ;
કહેત કબીરા સુનો ભાઈ સાધુ, જોતમેં જોત મીલાઈ. અ.

ભજન ૯૨

લે માળારે લે માળા, તું તો મોહનવરની લે માળા. ૧
નીરખી લે નટવર ન્યારા.
હરીહીરોતારા હાથજો આવે,તો તુટેલી ફુટીતાળા.તું તો ૨
આ જુઠી બાજીનું જોર ન કીજે,
તારા છોડ મમત મોટા ચાળા. તું તો. ૩
જઠરામાંજાળવીઓતુંને, ભુલી ભવભરતોમોટીફાળા;તું૦
કાયા તોરિ કામ ન આવે; ફુંકે જલે જેમ અંગારા.તું.૪
છોટા કહે છતમાંનવ છાકો,તો સેજતરશો ભવપારા.તું.૫

ભજન ૯૩

વારૂ મારા વીરારે, ન કરીયે સંગ નીચનોરેજી. ટેક.
નીચપણું નિશ્ચે નરકે લઇ જાય. વારૂ મારા.
આકડીઆનાં દુધરે અતી હે ઉજળાંરેજી,
તે પીધે તરત મૃત્યુ થાય. વારૂ મારા.
કુલડીયાં મંગાવોરે. ગવરિ ગાયનાંરેજી;
સાકર ભેળે સ્વાદ અતી ઘણો થાય. વારૂ મારા.
બાવળીઓ કંટાળોરે, અતી અળખામણોરેજી;
તેને સંગે અંગને વસ્ત્ર ઉજડાય. વારૂ મારા.

આંબલીયાની છાયારે, અતી રળીઆમણીરેજી;
તેને સેવે ફળની પ્રાપ્તિ થાય. વારૂ મારા.
ગુરૂના પ્રતાપેરે, જેઠીરામ બોલીઆરેજી;
દેજો અમને સંત ચરણમાંહે વાસ. વારૂ મારા.

ભજન ૯૪.

રાગ ધોળ.

ગરૂડ ચઢી આવજો ગીરધારિ,
લજ્જા મારિ રાખજોરે મોરારિ; ગરૂડ૦

પ્રથમ પુજીએ શ્રી ગુરૂરાય.
શ્રી કૃષ્ણને લાગું પાય;
ગુણ ગાવાની ઇચ્છા થાય. ગરૂડ ચડી૦ ૧

પ્રથમ પુજીએ શ્રી ગુરૂરાય,
સારદા કરજો મારી સહાય;
પદ પુંજીને પાવન થાય. ગરૂડ ચડી૦ ૨

માતા આપો અવિચળ વાણી,
એમ ઇચ્છા રાખજો તમારિ;
દાસ થાય અવિચળકારી. ગરૂડ ચડી૦ ૩

ધન ધન કુંતાજીરે માય,
જેણે સેવ્યા શંકર રાય;
પાંચ દેવે લીધો અવતાર ગરૂડ ચડી० ૪

પાંચે પુત્ર તો પાંડવ જાણો,
છઠ્ઠા દ્રૌપદીને વખાણો;
એમાં સંદેહ કશો નવ આણો. ગરૂડ ચડી० ૫

રાજા ધર્મ તો ધર્મ ધ્યાન,
રૂડા અર્જુનના મન વિશ્રામ;
તેમાં ભીમક મહાબળવાન. ગરૂડ ચડી० ૬

રત્નવંતાની કુંવરીરે આવે;
સાથે જોશી સહેદેવને લાવે,
પાંચે પુત્ર પાંડુના કહાવે. ગરૂડ ચડી० ૭

હસ્તિનાપુરમાં ઓળો રે પડી,
માંડી બાજી તે પાસા ઢાળી;
પેહેલે પાસે તે હસ્તિનાપુર હારી. ગરડ ચડી.૮

બીજે પાસે તે ગરથ ભંડાર,
ત્રીજે ઉગરવા નથી આર;
એમ સાક્ષ છે વારંવાર. ગરૂડ ચડી० ૯

ચોથે પાસે ચતુરાઇ સારી,
પાંડવ હાર્યા છે દ્રૌપદી નારી;
સામો દુર્યોધન અહંકારી. ગરૂડ ચડી૦ ૧૦

ત્યાં તો શોભા ભરાઇ છે સારી,
બોલ્યો દુરીયોધન અહંકારી;
તેડી લાવો તે દ્રૌપદી નારી. ગરૂડ ચડી૦ ૧૧

સતી ભરી સભામાં આવ્યાં,
સભા દેખીને મન લજવાયાં;
દુષ્ટે હસીનેરે બોલાવ્યાં. ગરૂડ ચડી૦ ૧૨

સતી રમ્યા તમારારે સ્વામી,
હાર્યા રાજપાટ સતી ગામ;
આવી માંડો ઘર આ ઠામ. ગરૂડ ચડી૦ ૧૩

સતી આવી બેસોનેરે ખોળે,
એવાં વચન દુર્યોધન બોલે;
તોયે સતીનાં મનના ડોલે; ગરૂડ ચડી૦ ૧૪

ખોળે બેસશે ગદા ભીમ કેરી,
તને કાળે લીધો છે ઘેરી;
તું તો જાદવ કુળનો વેરી. ગરૂડ ચડી૦ ૧૫

તને લાગ્યું સતીનું રે પાપ,
ખોળે બેઠો તે શોક સંતાપ. ગરૂડ ચડી૦ ૧૬

દુર પંથ છે દ્વારકાં ગામ,
ત્યાં તો પોઢયા છે શ્રી ભગવાન;
જોગી જોઇ ધાયા ઘનશ્યામ. ગરૂડ ચડી૦ ૧૭

એમણે ગરૂડ શણગાર્યો તતકાળ,
ચીર નવસેં નવાણું આણ્યા;
આવી પુર્યાં છે શ્રી ભગવાન. ગરૂડ ચડી૦ ૧૬

પદ ૯૫

શ્રી રામચંદ્રજીના ધ્યાનની સ્તુતી.

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરણ ભવ ભય દારૂણં,
નવ કંજ લોચન કંજ મુખકર કંજ પદ કંજારૂણં.
કંદર્પ અગણિત અમિત છબી નવનીલ નીરજ સુદીરં;
પટ પીત માનહુ તડિત રૂચીસુચી નૌમી જનકસુતાવરં.
શિર મુકુટ કુંડલ તીલક ચારૂ ઉદાર અંગ વિભુષણં,
અજાનુ ભુજ શર ચાપ ધર સંગ્રામજીત ખરદુષણં.
ભજ દીનબંધુ દીનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનં,
રઘુનંદ આનંદ કંદ કૌશલ્ય ચંદ દસરથ નંદનં.

ઇતી વદત તુલસીદાસ શંકર શેષ મુની મનરંજનં,
મમ રૂદયે કંજ નિવાસ કરૂં કામાદિ ખળદળ ગંજનં.

મંગળા આરતી ૧ લી.

રસભીના રાય રણછોડ, વસો મારા રૂદીયામાં,
સુખસાગર શ્રી રણછોડ, વસો મારા રૂદીયામાં;
પ્રાતઃસમે પ્રભુના મુખ નીરખી,આનંદ ઉર ન સમાયરે
સુરનર મુનીવર વેદ વખાણે. નારદસારદ ગાય. વસો.
કોટીવદન છબી મુખપર વારી, અકલીત રૂપ અપારરે;
મંગળ રૂપ મનોહર દીસે, સેવક સુખ ભંડાર. વસો.
તાલ મૃદંગ વીણા રસ વાગે, મુખ મોરલી ઘનઘોરરે;
પ્રેમ કરીને પીધા રસ બંધુ ગોપી ચંદ્રકીશોર.
કંચન થાળ કપુર ભરી માંહી, પાંચે જોત પ્રકાશરે;
આરતી ઉતારૂ મારા અલબેલાની,રાધા રમણવીલાસ.વ.
અષ્ટ સીદ્ધી આગળ ઉભી, મુખથી રહી કરજોડરે;
પ્રાણજીવન પરશોતમ સ્વામી,રાજ કરો રણછોડ. વસો.

સમાપ્ત.